આજનો સુવિચાર

જો ઈરાદો સારો હોય તો નસીબ ક્યારેય ખરાબ નથી હોતું

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૧૧૦ જૂનાગઢ તા.૧૬-૦૪-૨૦૨૫ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 110, Junagadh : Date : 16 April, 2025, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# રાજકોટમાં સીટી બસે વાહનોને હડફેટે લેતા ચારના મોત



## ઈન્દિરા સર્કલ ટ્રાફિક સિગ્નલ ખાતે માતેલા સાંઢની જેમ ઘસી આવેલી સીટી બસે સાત-આઠ વાહનોને હડફેટે લીધા : રોષે ભરાયેલા લોકોએ સીટી બસમાં તોડફોડ કરી : ડ્રાઈવરને માર માર્યો : પોલીસનો લાઠીચાર્જ

રાજકોટ તા.૧૬

આજે સવારે રાજકોટમાં ઈન્દિરા સર્કલ પાસે એક બેફામ સિટી બસચાલકે વાહનોને અડફેટે લેતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગોઝારા અકસ્માતમાં ૪ લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે ૨ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા. અકસ્માત બાદ લોકોનું ટોળું ઘટનાસ્થળે એકઠું થઈ ગયું હતું અને બસમાં તોડફોડ કરીને ભારે હોબાળો મચાવ્યો હતો. લોકોના રોષથી વણસેલી સ્થિતિ કાબૂમાં લેવા પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. અકસ્માતમાં બસ-ડ્રાઈવર શિશુપાલસિંહ રાણા ગંભીર રીતે ઘાયલ થતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અકસ્માતના CCTV ફૂટેજ સામે આવ્યા છે.

મૃતકોમાં સંગીતાબેન બેલ બહાદુર નેપાળી, (ઉંમર ૪૦) અને રાજુભાઈ મનુભાઈ ગીડા (ઉંમર ૩૫)નો સમાવેશ થાય છે.

મૃતક સંગીતાબેન બેલ બહાદુર નેપાળી ઈન્દિરા સર્કલ પાસે બ્યૂટિપાર્લરમાં નોકરી કરે છે, જ્યારે અન્ય મૃતક રાજુભાઈ મનુભાઈ ગીડા સત્યમ પાર્ક, શેરી નંબર- ૧, ૮૦ ફૂટ રોડ ખાતે રહે છે. તેઓ રાજકોટ મહાનગરપાલિકાના ઓડિટ વિભાગમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા.

CCTVમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે સિગ્નલ ખૂલતાં દરેક વાહનો ધીમે ધીમે આગળ વધી રહ્યાં છે અને અચાનક પાછળથી સિટી બસ આવી અને ઝડપભેર આગળ વધવાના પ્રયાસમાં નિર્દોષ લોકોને અડફેટે લે છે.

સીટી બસે ૭થી ૮ લોકોને ટક્કર મારી હતી, જેમાં ૩ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થઈ ગયાં હતાં. સિટી બસ સિગ્નલ તોડે એનું આ પરિણામ છે. વારંવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ ધ્યાન નથી આપતું. ડ્રાઈવરો દારૂ પીને બસ ચલાવતા હોવાથી અકસ્માત થાય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, જોઈન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ, ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ તેમજ ગાંધીગ્રામ, યુનિવર્સીટી, માલવિયા, ક્રાઈમ બ્રાન્ચ અને SOG પોલીસ તથા ધારાસભ્ય ડો. દર્શિતા શાહ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

# આજે સુપ્રિમ કોર્ટમાં વકફ સુધારા અધિનિયમને પડકારતી અરજીઓ પર સુનાવણી

નવી દિલ્હી તા.૧૬

આજે દેશની સર્વોચ્ચ અદાલતમાં બહુચર્ચીત વકફ સુધારા અધિનિયમ-૨૦૨૫ને પડકારતી ૧૦ થી વધુ અરજીઓ પર સુનાવણી થઈ રહી છે. સુપ્રિમ કોર્ટ આ અરજી પર સુનાવણી હાથ ધરતા કેવું નિરીક્ષણ કરશે તેના પર સંબંધિત તમામની મીટ મંડાયેલી છે. નવા વકફ કાયદાને પડકારતી અરજીઓમાં કેન્દ્ર સરકારના આ પગલાને ગેરબંધારણીય ગણાવી તેને બંધારણ પરના હુમલા તરીકે દર્શાવામાં આવ્યું છે. સંસદ દ્વારા ગત તા.૪ એપ્રિલે પસાર કરાયેલા આ કાયદાને ૫ એપ્રિલે રાષ્ટ્રપતિની સંમતિ મળી ગઈ હતી. કેન્દ્ર સરકારે ૮ એપ્રિલથી અમલમાં મુકાયેલા કાયદાને સૂચિત કર્યું છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની અધ્યક્ષતાવાળી બેંચ સમક્ષ ૧૦ અરજીઓ સૂચિબદ્ધ કરવામાં આવી છે, પરંતુ ધાર્મિક સંસ્થાઓ, સંસદના સભ્યો, રાજકીય પક્ષો, રાજ્યો વગેરે દ્વારા ૨૦૨૫ ના કાયદાને પડકારતી ૧૫ થી વધુ અરજીઓ દાખલ કરવામાં આવી છે.

૧૦ અરજીઓમાં AIMIMના સાંસદ અસદુદ્દીન ઓવૈસી, દિલ્હીના AAP ધારાસભ્ય અમાનતુલ્લા ખાન, નાગરિક અધિકારોની સુરક્ષા માટેના સંગઠન, જમીયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ અરશદ મદની, સમસ્ત કેરળ જમીયતુલ ઉલેમા, અંજુમ કાદારી, તૈયબ ખાન સલમાની, મોહમ્મદ શફી, મોહમ્મદ,

"વકફ બાય યુઝર" જોગવાઈને બાકાત રાખવી, સેન્ટ્રલ વકફ કાઉન્સિલ અને સ્ટેટ વકફ બોર્ડમાં બિન-મુસ્લિમ સભ્યોનો સમાવેશ, કાઉનસિલ અને બોર્ડમાં મહિલા સભ્યોનો સમાવેશ બે સુધી મર્યાદિત રાખવો, વકફ બનાવવા માટે મુસ્લિમ તરીકે પાંચ વર્ષની પૂર્વશરત, વકફ-અલલ-ઔલાદને પાતળું કરવું, વકફ એક્ટ, ૧૯૯૫




નું નામ બદલીને "યુનિફાઈડ વકફ મેનેજમેન્ટ, સશકતિકરણ, કાર્યક્ષમતા અને વિકાસ" કરવું, ટ્રિબ્યુનલના આદેશ સામે અપીલ કરવી, સરકારી મિલકતના અતિક્રમણ અંગેના વિવાદો માટે સરકારને મંજૂરી આપવી, વકફ એક્ટ પર મર્યાદા કાયદાનો ઉપયોગ કરવો, છજીૈં સંરક્ષિત સ્મારકો પર બનાવેલા વકફને અમાન્ય કરવો, અનુસૂચિત વિસ્તારો પર વકફ બનાવવા પર પ્રતિબંધો વગેરે પડકારવામાં આવેલી કેટલીક જોગવાઈઓ છે.

અરજીઓમાં દલીલ કરવામાં આવી છે કે કાયદો કલમ ૧૪ (સમાનતાનો અધિકાર), ૨૫ (ધર્મ પાળવાની સ્વતંત્રતા), ૨૬ (ધાર્મિક બાબતોનું સંચાલન કરવાની સ્વતંત્રતા), ૨૯ (લઘુમતી અધિકારો) અને ૩૦૦ક (મિલકતનો અધિકાર) હેઠળ બાંયધરીકળત બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

## અફઘાનિસ્તાનમાં ૫.૯ ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો : જમ્મુ કાશ્મીરમાં પણ આંચકા નોંધાયા

નવી દિલ્હી તા.૧૬:

આજે સવારે અફઘાનિસ્તાનના હિન્દુકુશ ક્ષેત્રમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, દિલ્હી-એનસીઆર ક્ષેત્ર સહિત ભારતના ઘણા ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૯ નોંધાઈ હતી. ભૂકંપના જોરદાર આંચકાથી અફઘાનિસ્તાનની ધરતી હચમચી ગઈ. ભૂકંપ એટલા જોરદાર હતા કે દિલ્હી-એનસીઆરની જમીન પણ ધ્રુજી ગઈ. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર હિન્દુકુશમાં પૃથ્વીથી ૭૫ કિલોમીટર નીચે હતું. ૫.૯ ની તીવ્રતાનો ભૂકંપ ગંભીર નુકસાન પહોંચાડવા માટે પૂરતો શક્તિશાળી માનવામાં આવે છે, જમ્મુ-કાશ્મીરમાં પણ ૨.૩ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો.

## ભારતના પુરૂષપ્રધાન સમાજમાં ઘરમાં તો મહિલા જ બોસ !!!

લખનૌ,તા.૧૬

દિલ્હી હોય કે ઉતર પ્રદેશ કે ગુજરાત હોય, ઘર-ગૃહસ્થિના મામલામાં મહિલાઓ બોસની ભૂમિકામાં છે. ખાસ કરીને ઘરનો સામાન ખરીદવા કે સબંધીઓને ત્યાં જવાની વાત હોય તો, આ મામલામાં મહિલાઓની જ વાત ઘરના બાકી સભ્યો માને છે. ગુજરાતમાં ૯૪.૩૭ ટકા ઉતર પ્રદેશમાં ૯૦.૫ ટકા તો દિલ્હીમાં ૯૧.૬ ટકા મહિલાઓ આ પ્રકારના ફેસલા ખુદ જ કરે છે. આંકડા મંત્રાલયના એક રિપોર્ટમાં આ જાણકારી બહાર આવી છે. ઘરેલુ મામલામાં મહિલાઓની ભાગીદારીમાં સમગ્ર દેશની તસ્વીર જોઈએ તો તે સરેરાશ ૮૮.૭૦ ટકા છે.એટલે કે યુપી અને દિલ્હીની મહિલા બહેતર સ્થિતિમાં છે. જોકે સૌથી બહેતર સ્થિતિમાં ઉતરાખંડની મહિલાઓની છે. ઉતરાખંડમાં આ આંકડો ૯૧.૭૫ ટકા છે.

## દુબઈમાં પાકિસ્તાનીએ તલવારથી કરેલા હુમલામાં બે ભારતીયોના મોત

દુબઈ તા.૧૬:

દુબઈમાં કામ માટે ગયેલા તેલંગાણાના ત્રણ ભારતીય નાગરિકો પર ક્રૂર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં બે વ્યક્તિના મોત થયા હતા અને એક ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ દુઃખદ ઘટના ૧૧ એપ્રિલના રોજ દુબઈની એક બેકરીમાં બની હતી જ્યાં ત્રણેય યુવાનો કામ કરતા હતા. પરિવારનો આરોપ છે કે આ હુમલો એક પાકિસ્તાની નાગરિક દ્વારા કરવામાં આવ્યો હતો જે ધાર્મિક સૂત્રોચ્ચાર કરતા બેકરીમાં ઘૂસી ગયો હતો. તે દરમિયાન તેણે તલવારથી હુમલો કર્યો. નિર્મલ જિલ્લાના સૌન ગામના રહેવાસી ૩૫ વર્ષીય અષ્ટપુ પ્રેમસાગરનું આ હુમલામાં મૃત્યુ થયું હતું. પ્રેમસાગર છેલ્લા ૫-૬ વર્ષથી દુબઈમાં એક બેકરીમાં કામ કરતા હતા. બે વર્ષ પહેલા ભારત આવ્યો હતો. હુમલા સમયે તે ફરજ પર હતો ત્યારે આરોપીએ તેના પર તલવારથી હુમલો કર્યો, જેમાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું.

### ધોરાજી-જૂનાગઢ રોડ પર વહેલી સવારે ૪ કલાકે બનેલી દુર્ઘટના

# બોલેરો ચાલકે મોટરસાયકલને હડફેટે લેતા જૂનાગઢના ત્રણ યુવાનોના ઘટના સ્થળે જ કરૂણ મોત

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ-ધોરાજી રોડ પર આજે વહેલી સવારે બનેલા એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં મોટરસાયકલને અજાણ્યા બોલેરો વાહન ચાલકે હડફેટે લેતા જૂનાગઢના ત્રણ યુવાનોના કરૂણ મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ આજે વહેલી સવારે ૪.૦૦ કલાકે બનેલી ઘટનામાં જૂનાગઢના ત્રણ યુવાનો (૧) અરમાન મકસુદભાઈ (ઉ.વ.૧૮), (૨) અલ્ફાજ અનીસભાઈ (ઉ.વ.૧૮) અને (૩) અમીર મોહમદભાઈ (ઉ.વ.૧૬) નામના યુવાનો ધોરાજીથી જૂનાગઢ પરત આવી રહ્યા હતા. ત્યારે ઝાલણસર ગામ નજીક આવેલ પેટ્રોલપંપ પાસે આ ઘટના બની હતી. જેમાં બોલેરો ચાલકે આ ત્રણેય યુવાનોના મોટરસાયકલને હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત યુવાનોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયા હોવાનું જાણવા મળેલ છે. આ બનાવની જાણ થતાં જૂનાગઢ તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને અજાણ્યા બોલેરો ચાલક વિરૂધ્ધ અકસ્માત સર્જી નાસી જવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં પ્રાપ્ત અહેવાલ મુજબ ઉપરોકત ત્રણેય મૃતક યુવાનો ધોરાજી ખાતે ઉર્ષની ઉજવણીમાં ગયા હતા. જયાંથી જૂનાગઢ પરત ફરતી વખતે અકસ્માત સર્જાયો હતો. ત્રણ યુવાનોના મોત થતાં તેમના પરિવારજનોમાં કલ્પાંત વ્યાપી ગયો છે.

### મોડાસા ખાતે રાહુલ ગાંધીનું બુથ સમિતિના કાર્યકરોને સંબોધન

# ભાજપ-કોંગ્રેસ વચ્ચે વિચારધારાની લડાઈ : રાહુલ ગાંધી



મોડાસા તા.૧૬

કોંગ્રેસે ગત રાષ્ટ્રીય અધિવેશનમાં સમગ્ર દેશમાં પાર્ટીને મજબૂત કરવા માટે ગુજરાતથી શરૂઆત કરવાનો નિર્ણય લીધો છે. આ અંતર્ગત રાહુલ ગાંધી બે દિવસના ગુજરાત પ્રવાસે છે. આજે રાહુલ ગાંધી મોડાસાની મુલાકાતે છે, જ્યાંથી તેઓ સંગઠન સર્જન અભિયાનની શરૂઆત કરશે. તેઓ મોડાસા જતી વખતે હિંમતનગરના પ્રાંતિજમાં બે મિનિટનું રોકાણ કર્યું હતું અને લોકોએ તેમનું પુષ્પથી સ્વાગત કર્યુ હતું.

ખેડબ્રહ્માના ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરીએ કહ્યું કે, કોંગ્રેસના સંગઠન સર્જન અભિયાનની આજે મોડાસા ખાતેથી શરૂઆત થશે. જિલ્લા સંગઠનની કમાન કોને સોંપવી તે અંગે મંથન થશે. ૪૩ નિરીક્ષકોની ગઈ કાલે બેઠક યોજાઈ હતી. ૧ કેન્દ્ર અને ૪ પ્રદેશના નિરીક્ષકો જિલ્લાના પ્રવાસ કરશે. ૪૫ દિવસમાં જિલ્લા પ્રમુખોની નિયુક્તિ થશે.

દરમ્યાનમાં બુથ કાર્યકરોને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે, આ ભાજપ-કોંગ્રેસ વચ્ચે વિચારધારાની લડાઈ છે. કોંગ્રેસ પક્ષમાં બદલાવની જરૂર છે. હવે જીલ્લા પ્રમુખોને જવાબદારી આપીશું. તેમણે કહ્યું કે, કોંગ્રેસ પક્ષની શરૂઆત ગુજરાતથી જ થઈ હતી. તેમણે ઉમેર્યું કે, જીલ્લા કોંગ્રેસ સમિતિઓના નિર્ણયથી જ જીલ્લાની કાર્યવાહી ચાલશે. આ લખાઈ રહ્યું છે ત્યારે પણ રાહુલ ગાંધીનું સંબોધન ચાલુ છે.


આ ગરમીમાં A.C. વગર ચાલશે ?
PM સુર્ય ઘર મફત વિજળી સોલાર રૂફટોપ લગાવો
(રેસીડિન્સીયલ-કોમર્શીયલ-કોમન)




૧૦ દિવસમાં સંપૂર્ણ ફિટિંગની ૧૦૦% ગેરંટી
સોલાર રૂફટોપ લગાવનારને Elista 3 Star 1.5 T A.C.ની M.R.P. પર ૪૦% સુધીની છૂટ *
KVP સોલાર એન્ડ સોલ્યુશન
પહેલો માળ, ઓમ પેલેસ, વાડલા ફાટક, નોવેલ્ટી ફર્નીચર સામે, વંથલી હાઈવે, જૂનાગઢ. સંપર્ક : ૯૦૮૧૧૧૩૨૪૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ડો.હરેશ એમ. ડોબરિયા
M.D. (Paed)
ડો.વિજય જેઠવા
M.D. (Paed)
ડોબરિયા કિડ્ઝ હોસ્પિટલ
એન્ડ એન.આઈ.સી.યુ.
ઈમરજન્સી હેલ્પલાઈન નં.૭૫૬૭૪ ૨૨૧૮૫
મિલેનીયમ આર્કેડ, ૪થા માળે, ઝાંઝરડા ચોકડી, નિલકંઠ પાર્ટી પ્લોટની બાજુમાં, જૂનાગઢ
મો.૯૦૯૯૦ ૬૫૮૫૬ /મો.૯૮૨૫૯ ૧૦૬૬૦

AYURVEDIC
KAYAM CHURNA




કાયમ ચૂર્ણ
કાયમ ટેબલેટ
કાયમ ગ્રેન્યુલ્સ
ભાવનગરવાળા શેઠબ્રધર્સના ઉત્પાદન
UIN:GUJARAT/0003/2025

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
કોઈપણ જાતનાં સંક્રમણને રોકવા રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો....
દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર




બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.


C M Y K C M Y K C M Y K

# પ્રાકૃતિક કૃષિ યોગ્ય પદ્ધતિથી અને પૂરી પ્રમાણિકતાથી થાય તો ખૂબ સારૂ પરિણામ મળે, આ માટે તાલીમ અત્યંત જરૂરી છે : આચાર્ય દેવવ્રતજી



**પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ગુજરાતમાં ત્રણ ગ્રામ પંચાયતોના એક ક્લસ્ટર લેખે ૪,૮૫૪ ક્લસ્ટર્સની રચના કરાઈ : ત્રણ ગામ દીઠ બે વ્યક્તિઓ તાલીમ આપશે : રાજ્યપાલના અધ્યક્ષપદે રાજભવનમાં સમીક્ષા બેઠક યોજાઈ**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૬

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ત્રણ ગામ દીઠ બે વ્યક્તિઓને પ્રાકૃતિક કૃષિનું પ્રશિક્ષણ આપવાની જવાબદારી સોંપવામાં આવશે. બે વ્યક્તિઓમાં એક કોમ્યુનિટી રિસર્ચ પર્સન હશે અને બીજી પ્રાકૃતિક કૃષિ સખી - મહિલા હશે. ગુજરાતમાં ત્રણ ગ્રામ પંચાયતોના એક કલસ્ટર લેખે ૪,૮૫૪ કલસ્ટર્સની રચના કરવામાં આવી છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે આજે રાજભવનમાં આયોજિત બેઠકમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજયપાલશ્રીના અગ્ર સચિવ અશોક શર્મા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સંયુક્ત સચિવ પી. ડી. પલસાણા, કૃષિ નિયામક પ્રકાશ રબારી અને આત્માના નિયામક સંકેત જોશી ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક કૃષિ યોગ્ય પદ્ધતિથી અને પૂરી પ્રમાણિકતાથી થાય તો ખૂબ સારૂ પરિણામ મળે છે. આ માટે યોગ્ય તાલીમ અત્યંત જરૂરી છે, એમ કહીને રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ખેડૂતોને યોગ્ય અને અસરકારક તાલીમ મળે એ માટે તેમને તાલીમ આપનારા પ્રશિક્ષકોને પણ સમયાંતરે સઘન અને સુયોગ્ય તાલીમ મળતી રહે એ જરૂરી છે. પ્રાકૃતિક કૃષિ એ લોકોને જીવન આપનારૂ માનવતાનું કામ છે. એમ કહીને તેમણે કહ્યું કે પ્રાકૃતિક ખેતીનું કામ જ પૂજા છે. ગુજરાતના તમામ શહેરો અને તાલુકા મથકોમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રો શરૂ કરવા અને આ વેચાણ કેન્દ્ર પર પ્રમાણિત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો જ વેચાય તેની ચોકસાઈ રાખવા આ બેઠકમાં વિચાર-વિમર્શ કરાયો હતો.

# ચેતનભાઈ પંડયા વતનનું રતન એવોર્ડથી સન્માનીત થયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ જીલ્લાની ૨૦૨૩-૨૪ની સર્વશ્રેષ્ઠ એવોર્ડ પ્રાપ્ત શાળા શ્રી પી.ડી. શાહ શાળા સંકુલ દિવરાણાના સંચાલક ચેતનભાઈ પંડયાને દિવ્ય ભાસ્કર અખબાર દ્વારા વતનનું રતન-૨૦૨૫ના એવોર્ડથી સન્માનીત કરતા સમગ્ર પંથકમાંથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. ઘેડના છેવાડાના માનવીની શૈક્ષણીક, સામાજીક, આર્થિક રીતે સેવાકીય પ્રવૃતિઓ દ્વારા નામના મેળવનાર ચેતનભાઈ પંડયા અનેરૂ વ્યક્તિત્વ ધરાવનાર શિક્ષણવિદ છે. નવતર અભિગમ સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ કરતા આજે સમગ્ર પંથકમાં પી.ડી. શાહ શાળા સંકુલનું નામ અવ્વલ નંબરનું ગણાય છે. સમાજના જરૂરીયાતમંદ માણસોની વ્હારે રહેનાર ચેતનભાઈની દવાખાનાઓમાં પણ અવિરત સેવાઓ રહેલી છે. સમાજના આવા અમુલ્ય રતનને અભિવાદીત કરતા સમગ્ર પંથક ગૌરવની લાગણી અનુભવે છે. અનેક સામાજીક તથા શૈક્ષણીક સંસ્થાઓ દ્વારા સન્માનીત થનાર ચેતનભાઈ પંડયાની સેવાઓ અવિરતપણે સમાજને મળતી રહે. યોગેશ્વર કેળવણી મંડળ પણ ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી આભાર વ્યકત કરે છે.

# પોક્સોના ગુનાનો પેરોલ જમ્પ કરીને નાસી છૂટેલો આરોપી ખંભાળિયામાંથી ઝડપાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલા પોકસોના ગુનામાં ઝડપાયેલા અને ત્યાર બાદ સજા પામી જેલમાંથી પેરોલ પર છૂટીને ફરાર થઈ ગયેલા આરંભડાના શખ્સને એસ.ઓ.જી. પોલીસે લીધો હતો. પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ઓખા મંડળના મીઠાપુર પોલીસ મથકમાં થોડા સમય પૂર્વે એક સગીરાના અપહરણ સંદર્ભેનો ગુનો નોંધાયો હતો. આ પ્રકરણમાં મીઠાપુર તાબેના આરંભડા વિસ્તારમાં રહેતા મહિપતભા ઉર્ફે કાયડી રણમલભા કરમણભા કેર નામના ૨૯ વર્ષના શખ્સને પોલીસે ઝડપી લઈ, આ અંગે કરવામાં આવેલી કાર્યવાહી બાદ ઉપરોક્ત શખ્સને નામદાર અદાલતે સજા ફટકારી હતી. જેથી તેને રાજકોટની મધ્યસ્થ જેલ ખાતે મોકલી દેવામાં આવ્યો હતો. ગત તારીખ ૨૫ માર્ચ ૨૦૨૫ ના રોજ ઉપરોક્ત આરોપીએ સાત દિવસની પેરોલ રજા પરથી છૂટ્યા બાદ તારીખ ૨ એપ્રિલના રોજ રાજકોટની મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતું. પરંતુ તે જેલ ખાતે હાજર ન થતા આ પ્રકરણ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પી.આઈ. પી.સી. સિંગરખિયાના માર્ગદર્શન એસ.ઓ.જી. ની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. અશોકભાઈ સવાણી અને જગદીશભાઈ કરમુરને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા નજીક આવેલી પાયલ હોટલ પાસે એક નાસ્તાની રેંકડીમાં નાસ્તો કરી રહેલા ઉપરોક્ત આરોપી મહિપતભા ઉર્ફે કાયડી કેરને પોલીસે ઝડપી લઈ અને તેને રાજકોટની મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરી હતી.

# જૂનાગઢના પાતાપુરમાં જૂની અદાવતમાં હિંસક ઘર્ષણ:બે પક્ષો વચ્ચે પથ્થરમારો અને મારામારી, એક વ્યક્તિને માથામાં ઈજા, બંને પક્ષોની ફરિયાદ

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ તાલુકાના પાતાપુર ગામમાં શનિવારે સવારે જૂની અદાવતને કારણે બે સમૂહો વચ્ચે હિંસક ઘર્ષણ સર્જાયું છે. આ ઘટનામાં એક વ્યક્તિને માથામાં ગંભીર ઈજા થઈ છે. ઘટના ૧૪ એપ્રિલના રોજ સવારે ૧૧ વાગ્યે સરદારનગર પાતાપુર ગામમાં બની હતી. ૩૦ વર્ષીય સાગર હરદેવભાઈ વાઘેલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, જય જયંતિભાઈ વાઘેલા અને તેમના પિતા જયંતિભાઈ વાઘેલા છેલ્લા કેટલાક સમયથી તેમના પિતાને ગાળો આપતા હતા. સમજાવવા જતાં આરોપીઓએ જાહેરમાં ગાળાગાળી કરી અને ઢીકાપાટુ તેમજ પથ્થરમારો કર્યો હતો. સામે પક્ષે, જય જયંતિભાઈ વાઘેલાએ પણ ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા મુજબ સાગરભાઈએ તેમને ગાળો આપી ઉશ્કેર્યા હતા અને હુમલાનો આરોપ ખોટી રીતે તેમના પર મૂકવામાં આવ્યો છે. પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી IPC કલમ ૧૧૫(૨), ૨૯૬(b), ૩૫૧(૩), અને ૫૪ હેઠળ ગુનો દાખલ કર્યો છે. ઘટનાને પગલે ગામમાં તણાવનું વાતાવરણ સર્જાયું છે. ASI એસ.કે. સોલંકી અને એ.એસ.આઈ. ડી.એલ. લાડવાની આગેવાનીમાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# ભેસાણ તાલુકાનાં ધારી ગુંદાળી ગામનો બુટલેગર પાસા હેઠળ લાજપોર, સુરત જેલ હવાલે



જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ જીલ્લાનાં ભેસાણ તાલુકાનાં ધારીગુંદાળી ગામનાં પ્રોહિ બુટલેગર રાહુલ ગભરૂભાઈ વાળાને પાસાનાં કાયદા હેઠળ અટક કરી સેન્ટ્રલ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે. ધારીગુંદાળી ગામનાં રાહુલ ગભરૂભાઈ વાળા (ઉ.વ.૨૩) દારૂ સહિતની પ્રવૃતિમાં સંડોવાયેલ હોય તેના વિરૂધ્ધ ગુનાઓ નોંધાયેલ હોય આ દરમ્યાન બિલખા પોલીસ સ્ટેશન ખાતેથી પ્રોહિબીશન ધારા હેઠળ નોંધાયેલ ગુનાનાં કામે આ શખ્સ વિરૂધ્ધ પીએસઆઈ એમ.એમ. હિંગોરાએ પાસાની દરખાસ્ત તૈયાર કરી મોકલતા જીલ્લા કલેકટર દ્વારા ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ રાહુલ ગભરૂભાઈ વાળા વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈશ્યુ કરેલ. દરમ્યાન ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.જે. પટેલનાં માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ વોચમાં હતા ત્યારે બાતમીનાં આધારે બિલખા - વિસાવદર રોડ ચેલૈયાની જગ્યા પાસેથી તપાસ કરી અને રાહુલ ગભરૂભાઈ વાળાને ઝડપી લઈ પાસા હેઠળ સેન્ટ્રોલ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે.

# ખંભાળિયામાં બહેનો માટે શનિવારથી નૃત્યાંજલિ વર્કશોપ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયામાં પ્રથમ વખત મહિલાઓ માટે નૃત્યાંજલિ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અહીંના જાણીતા કલાકાર વિધિ એચ. ઠાકર દ્વારા ગણાત્રા હોલ ખાતે ૧૨ દિવસનો વર્કશોપ યોજાયો છે. આગામી શનિવાર તારીખ ૧૯ મી થી તારીખ ૩૦ એપ્રિલ સુધી મહિલાઓ માટે યોજવામાં આવેલા આ ૧૨ દિવસના કલાસિકલ નૃત્યાંજલિ વર્કશોપમાં બહેનોને મૂળભૂત શાસ્ત્રીય સ્ટેપ્સ અને ટેકનીક, અર્ધ કલાસિક બોલીવુડ ગીત-કોરિયોગ્રાફી, શ્લોક અને શાસ્ત્રી કવિતા, સમકાલીન અને શાસ્ત્રીય નવીનતમ ટ્રેન્ડી રીલ્સ, બેઠક નૃત્ય સહિતના વિવિધ સ્ટેપ્સ અને કલા શીખવવામાં આવશે. બાર દિવસ બહેનો માટે યોજવામાં આવેલા આ ક્લાસિક નૃત્યાંજલિ વર્કશોપમાં દરરોજ સાંજે ૫:૩૦ થી ૭ વાગ્યા સુધી ૧૧ વર્ષ થી વધુ વયના બહેનો, મહિલાઓને વિવિધ સ્ટેપ શીખવવામાં આવશે. આ આયોજનમાં જોડાવવા તા. ૧૮ એપ્રિલ સુધીમાં મોબાઈલ નંબર ૯૦૯૯૩ ૭૯૪૩૨ અથવા ૯૪૨૮૬ ૭૯૪૩૨ ઉપર નામ નોંધાવવા એક યાદીમાં જણાવાયું છે.

**અવસાન નોંધ**

જામ ખંભાળિયા : રાજુભાઈ રણછોડભાઈ સંચાણિયા(ઉ.વ. ૬૭) તે મગનભાઈના નાનાભાઈ, સ્વ. રમેશભાઈના મોટાભાઈ તેમજ અમિતભાઈના પિતાશ્રી અને રવિના દાદા તથા અશ્વિનભાઈ ઓધવજીભાઈ નગેવાડીયા(જામનગર)ના બનેવી તારીખ ૧૪ના રોજ અવસાન પામ્યા છે. તેમનું બેસણું શુક્રવાર તારીખ ૧૮ ના રોજ સાંજે ૪ થી ૫ અત્રે ગુર્જર સુતા જ્ઞાતિની વાડી(વિશ્વકર્મા બાગ) ખાતે રાખવામાં આવેલ છે.

# દ્વારકા નજીક બાઈક આડે પશુ ઉતરતા ઈજાગ્રસ્ત પ્રૌઢનું અપમૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

દ્વારકાથી આશરે ૨૪ કિલોમીટર દૂર ચરકલાથી મૂળવાસર ગામ તરફ જતા હાઈવે માર્ગ ઉપર જી.જે. ૧૦ સીએમ ૬૬૯૫ નંબરના મોટરસાયકલ ઉપર બેસીને જઈ રહેલા જામનગરના સોહમનગર વિસ્તારના રહીશ ધનસુખભાઈ ધનજીભાઈ ઠાકર નામના ૫૩ વર્ષના બ્રાહ્મણ પ્રૌઢના મોટરસાયકલ સાથે કોઈ જાનવર ટકરાતા સર્જાયેલા અકસ્માતમાં ધનસુખભાઈને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર જૈમીનભાઈ ઠાકર (ઉ.વ. ૨૭, રહે. જામનગર)ની નોંધ પરથી દ્વારકા પોલીસે અકસ્માત મૃત્યુ અંગેની કાર્યવાહી કરી હતી.

# ભાણવડના મોડપર ખાતે સોમવારે કોટેચા પરિવારનો હવન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના મોડપર ગામે બિરાજમાન કોટેચા પરિવારના પૂજ્ય વાછરા ડાડાના વાર્ષિક યજ્ઞનું આયોજન આગામી સોમવાર, તા. ૨૧ ને ચૈત્ર વદ આઠમના રોજ કરવામાં આવ્યું છે. દર વર્ષની પરંપરા મુજબ મોડપર ગામમાં વાછરા ડાડાના યોજવામાં આવેલા આ ભવ્ય યજ્ઞના પાવન પ્રસંગે કોટેચા પરિવારના તમામ સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહી ધાર્મિક લાભ લેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે. આ આયોજનમાં સહભાગી થવા માટે મોડપર સેવા સમિતિનો તેમજ વધુ માહિતી માટે જયદીપભાઈ કોટેચા (મો. ૭૨૮૫૦ ૨૪૩૮૪) નો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં ત્રીજી વખત ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલ પક્ષીઓ માટે પાણી અને ચણ માટેનાં કુંડાનું વિનામુલ્યે વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

માનવ સેવા એજ પ્રભુ સેવાનાં સુત્રને સાર્થક કરતી સંસ્થા શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ-જૂનાગઢ દ્વારા આયોજીત બીજી વખત તા.૧૩-૪-૨૦૨૫ને રવિવારનાં રોજ આઝાદ ચોક-જૂનાગઢ ખાતે અબોલ પક્ષીઓ માટે પાણી અને ચણ માટેનાં કુંડાનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. આ કુંડા વિતરણમાં તમામ નાગરીકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. આ સેવાકીય કાર્યમાં મુખ્ય મહેમાન તરીકે જૂનાગઢનાં મહિલા પી.એસ.આઈ વરીયા અને સામાજીક આગેવાનોમાં તન્વીબેન વૈષ્નવ, નાથાભાઈ રાડા, અરવિંદભાઈ મારડીયા, હરસુખભાઈ પાલા, રમણીકભાઈ ચલ્લા, જયશ્રીબેન ગાલોરીયા, પ્રવિણાબેન વાઘેલા, તરૂબેન ગઢીયા, રમીલાબેન ઘુચલા, દેવીબેન દવે, રેખાબેન સ્વાદીયા, ઈન્દુબેન ખાણદર, હસ્તીબેન ઉનડકટ, મિતલબેન રાડા, રોશનીબેન ઘુચલા વગેરે ખાસ સહભાગી થયાં હતા. આ સેવાકીય કાર્યમાં તમામ ઉપસ્થિત મહેમાનોએ સંસ્થાની કામગીરી બિરદાવી હતી. આ સેવાકીય કાર્યને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ નરેન્દ્રભાઈ ઘુચલાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ રેલ્વે ડીવીઝન દ્વારા ભારત રત્ન ડો. બી.આર. આંબેડકરની ૧૩૪મી જન્મજયંતિની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૫

પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝન દ્વારા ભારત રત્ન ડો. બી.આર. આંબેડક્ની ૧૩૪મી જન્મજયંતિની ઉજવણી રાજકોટમાં આવેલ ઓફિસર્સ ક્લબના પરિસરમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમની અધ્યક્ષતા રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર કૌશલ કુમાર ચૌબેએ કરી હતી. એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર ચૌબેએ ડો. આંબેડકરના ચિત્રને માળા પહેરાવીને અને દીપ પ્રગટાવીને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે બોલતા, શ્રી ચૌબેએ ભારતીય બંધારણના ઘડવૈયા ડો. આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને બંધારણને ઘડવામાં તેમના અપ્રતિમ યોગદાનને યાદ કર્યું.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝન દ્વારા રેલ્વે કર્મચારીઓ માટે 'ડો. બી.આર. આંબેડકર : ભારતમાં સામાજિક ન્યાયના શિલ્પી' વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતાઓને એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર ચૌબે દ્વારા ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર એ.યુ. સોલંકી, વિવિધ વિભાગોના વરિષ્ઠ રેલવે અધિકારીઓ, ટ્રેડ યુનિયનો, SC/ST અને OBC સંગઠનોના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ હાજર રહ્યા હતા અને બાબા સાહેબના વિચારો ઉપર વિચાર-મંથન કર્યું હતું.

# ભારતમાં દર ૧૦ લાખની વસતીએ માત્ર ૧૫ જજ



## સમગ્ર દેશમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જજ દીઠ ૨,૨૦૦ કેસનું ભારણ છે, અલ્હાબાદ અને મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં જજ દીઠ ૧૫,૦૦૦ કેસ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૬

લો કમિશનની ભલામણ મુજબ ભારતમાં દર ૧૦ લાખની વસતીએ ૫૦ જજ હોવા જોઈએ. જ્યારે ૨૦૨૫ની સ્થિતિ સંદર્ભે રજૂ થયેલા રિપોર્ટ મુજબ, ભારતમાં દર ૧૦ લાખની વસતીએ માત્ર ૧૫ જજ છે. ભારતના વિવિધ રાજ્યોમાં ન્યાયપાલિકાની સ્થિતિ અંગે ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ મંગળવારે પ્રસિદ્ધ થયો છે. આ રિપોર્ટ મુજબ, દેશનટ્ટી વિવિધ હાઈકોર્ટમાં મંજૂર માળખાની સરખાણીએ જજની ૩૩ ટકા જગ્યા ખાલી છે. અમેરિકામાં જાન્યુઆરી ૨૦૨૪ની સ્થિતિએ ૧૦ લાખની વસતીએ ૧૫૦ જજ છે અને યુરોપમાં ૨૦૨૨ની સ્થિતિએ ૧૦ લાખની વસતી સામે ૨૫૦ જજ છે. દેશભરમાં ૧.૪ અબજ વસતીની સામે જજની સંખ્યા ૨૧,૨૮૫ છે. આમ, દર ૧૦ લાખની વસતીમાં માત્ર ૧૫ જજ છે. ૧૯૮૭ના વર્ષમાં લો કમિશને કરેલી ભલામણ મુજબ, દર ૧૦ લાખની વસતીએ ૫૦ જજ હોવા જોઈએ. ૨૦૨૫ ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટમાં જણાવ્યા મુજબ, વિવિધ હાઈકોર્ટમાં મંજૂર મહેકમની સામે ૩૩ ટકા જગ્યા ખાલી છે અને ૨૦૨૫માં ૨૧ ટકા જગ્યા ખાલી છે.સમગ્ર દેશમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જજ દીઠ ૨,૨૦૦ કેસનું ભારણ છે. અલાહાબાદ અને મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં જજ દીઠ ૧૫,૦૦૦ કેસ છે. જિલ્લા ન્યાયપાલિકાઓમાં ૨૦૧૭માં મહિલા જજની સંખ્યા ૩૦ટકા હતી, જે વધીને ૩૮.૩ ટકા થઈ છે. હાઈકોર્ટમાં મહિલા જજનું પ્રમાણ ૧૧.૪ ટકાથી વધીને ૨૦૨૫માં ૧૪ ટકા થયુંછે. સુપ્રીમ કોર્ટમાં માત્ર છ ટકા મહિલા જજ છે. દેશની ૨૫ હાઈકોર્ટમાં માત્ર એક જ હાઈકોર્ટમાં મહિલા ચીફ જસ્ટિસ છે. દિલ્હી ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં માત્ર ૧૧ ટકા જગ્યા ખાલી છે અને તેમાં મહિલા જજનું પ્રમાણ ૪૫ ટકા છે. ન્યાયપાલિકામાં માત્ર પાંચ ટકા જજ એસટી સમુદાયના અને ૧૪ ટકા એસસી સમુદાયના છે. ૨૦૧૮ના વર્ષથી નિમણૂક પામેલા હાઈકોર્ટના ૬૯૮ જજમાંથી માત્ર ૩૭ જજ એસસી અને એસટી સમુદાયના છે. ન્યાયપાલિકામાં ઓબીસી સમુદાયના ૨૫.૬ ટકા જજ છે. લીગલ એઈડ માટે દેશમાં વાર્ષિક માથાદીઠ ખર્ચ રૂ..૪૫ છે અને જ્યુડિશિયરી માટે રૂ.૧૮૨નો ખર્ચ થાય છે. દેશનું કોઈપણ રાજ્ય પોતાના કુલ ખર્ચમાંથી એક ટકા કરતાં વધુ ખર્ચ જ્યુડિશિયરી માટે કરતું નથી.

## લીઝ કરારના મુદ્દે કોર્ટનો નિર્ણય ૨૦૨૬ના અંત ભાગમાં આવવાની શક્યતા

# લંડનમાં આઈકોનિક ભારતીય રેસ્ટોરન્ટ બંધ થવાના આરે

## બિલ્ડિંગના માલિકે લીઝ એગ્રીમેન્ટ રિન્યૂ ન કરવાનો નિર્ણય કરતાં ૧૦૦મી વર્ષગાંઠ પહેલા મુશ્કેલી

(સંપૂર્ણ સમાચાર સેવા)

લંડન, તા.૧૬

બ્રિટનમાં સૌથી જૂના ભારતીય રેસ્ટોરન્ટમાં સ્થાન ધરાવતાં વીરસ્વામી રેસ્ટોરન્ટ સામે બંધ થવાનું જોખમ ઊભું થયું છે. બિલ્ડિંગના માલિકે લીઝ એગ્રીમેન્ટ રિન્યૂ ન કરવાનો નિર્ણય કર્યો હોવાથી આ રેસ્ટોરન્ટ સેન્ટ્રલ લંડનની પ્રતિષ્ઠિત રિજન્ટ સ્ટ્રીટ પરની જગ્યા ખાલી કરવી પડે તેવી શક્યતા છે.આ રેસ્ટોરન્ટ વિક્ટરી હાઉસ બિલ્ડિંગમાં આવેલું છે. વિક્ટરી હાઉસ બિલ્ડિંગના માલિકે લીઝ એગ્રીમેન્ટને રિન્યૂ ન કરવાનો નિર્ણય કર્યો છે. માલિક સમગ્ર બિલ્ડિંગનું વ્યાપક નવીનીકરણ કરવા માગે છે. એપ્રિલ 1926થી ચાલતું આ રેસ્ટોરો 100 વર્ષ પૂરા કરવાની તૈયારીમાં છે ત્યારે આ મુશ્કેલી ઊભી થઈ છે.જૂન મહિનામાં લીઝ એગ્રીમેન્ટ પૂરી થઈ રહી છે ત્યારે વીરસ્વામીની માલિકી કંપની MW ઈટે તેના ભાડાપટ્ટા અધિકારો હેઠળ લીઝ એગ્રીમેન્ટને રિન્યૂ કરવા માટે કોર્ટમાં અરજી કરી છે. એમડબ્લ્યુ ઈટના ડિરેકટર રણજિત મથરાણીએ જણાવ્યું હતું કે વીરસ્વામી એક જીવંત સંસ્થા છે અને લંડનના હાઈ ક્વોલિટી ફૂડનો એક અભિન્ન હિસ્સો છે. અમારા મહેમાનોમાં સ્વર્ગસ્થ મહારાણી એલિઝાબેથ ટુ, પ્રિન્સેસ રોયલ (પ્રિન્સેસ એન) અને અન્ય વિદેશી રાજવી પરિવારના સભ્યોનો સમાવેશ થાય છે. ક્રાઉન એસ્ટેટે 24 જૂન પછી અમારા લીઝને લંબાવવાનો ઈનકાર કર્યો છે અને અમારા જગ્યા ખાલી કરવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.બ્રિટિશ રાજાની પ્રોપર્ટી પોર્ટફોલિયોનું સંચાલન કરતી ક્રાઉન એસ્ટેટની યોજનાઓ વિશે જાણ થઈ ત્યારથી કંપની લીઝના મુદ્દે ચર્ચા કરી રહી છે અને રેસ્ટોરન્ટને તેના ઐતિહાસિક પરિસરમાં ચાલુ રહી શકે તેવા વિકલ્પો આપી રહી છે. જોકે ક્રાઉન એસ્ટેટ ઈતિહાસની પરવા કર્યા વગર સમગ્ર બિલ્ડિંગને ઓફિસમાં તબદિલ કરવા માગે છે. લીઝ કરારના મુદ્દે કોર્ટનો નિર્ણય 2026ના અંત ભાગમાં આવવાની શક્યતા હોવાથી રેસ્ટોરન્ટ તાત્કાલિક બંધ થવાનો કોઈ ભય નથી, પરંતુ તેનું સદી જૂનું રીજન્ટ સ્ટ્રીટ સ્થાન ગુમાવે તેવી શક્યતા છે.

### જૂનાગઢ ખેલ મહાકુંભ ૩.૦

# રાજ્યકક્ષાની અં-૧૩ અને ઓપન એઈજ વેઈટલીફ્ટીંગ સ્પર્ધા યોજાશે

## તા. ૨૩ થી તા. ૨૭ એપ્રિલ સુધી સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ ખાતે સ્પર્ધા યોજાશે

જૂનાગઢ, તા.૧૬

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૩.૦ સીધી રાજ્યકક્ષાની અં-૧૭ અને ઓપન એઈજ (ભાઈઓ/બહેનો) વેઈટલીફટીંગ સ્પર્ધાનું આયોજન તા.૨૩/૪/૨૦૨૫ થીતા.૨૭/૪/૨૦૨૫ દરમ્યાન સરદાર પટેલ રમતસંકુલ, ગાંધીગ્રામ ખાતે યોજાશે. જેમા અં-૧૭ ભાઈઓ માટે તા.૨૩/૪/૨૦૨૫ના સાંજે ૫ કલાકે રિપોર્ટિંગ રહેશે. અને સ્પર્ધા તા.૨૪ એપ્રીલના સવારે ૧૦ કલાકે યોજાશે. જ્યારે ઓપન એજ ભાઈઓ માટે તા. ૨૪/૪/૨૦૨૫ સાંજે ૫ કલાકે રિપોર્ટિંગ અને સ્પર્ધા તા.૨૫ એપ્રિલના સવારે ૧૦ કલાકે યોજાશે. અંડર ૧૭ બહેનોને તા.૨૫/૪/૨૦૨૫ના સાંજે ૫ કલાકે રિપોર્ટિંગ અને સ્પર્ધા તા.૨૬/૪/૨૦૨૫ના સવારે ૧૦ કલાકે યોજાશે.

જયારે ઓપન એઈજ બહેનોને તારીખ ૨૬/૪/૨૦૨૫ના ના સાંજે ૫ કલાકે રિપોર્ટિંગ અને સ્પર્ધા તા ૨૭/૪/૨૦૨૫ના સવારે ૧૦ કલાકે યોજાશે. આ તમામ વય જૂથમા ભાગ લેનાર ભાઈઓ અને બહેનોએ રિપોર્ટિંગ અને સ્પર્ધા સ્થળ સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે કરવાનું રહેશે. તેમજ જે તે વય જૂથના ભાઈઓ અને બહેનોને તેની સ્પર્ધાના દિવસે સવારે ૮ કલાકે સ્થળ ઉપર વજન ચકાસણી તથા નોંધણી પ્રક્રિયા કરાવવાની રહેશે. વધુ વિગતો માટે ચિરાગભાઈ ચુડાસમા (મો. નં. ૮૩૨૦૦ ૬૨૩૪૩) અને રાહુલભાઈ જાપડીયા (મો. નં. ૮૧૪૧૧૦૭૬૭૪) સાથે સંપર્ક કરવા જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# વંથલી તાલુકાના લુશાળા ખાતે આંગણવાડી કેન્દ્રમાં પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી



જૂનાગઢ, તા. ૧૬

જૂનાગઢ જિલ્લાની વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વંથલી તાલુકાના લુશાળા ખાતે આંગણવાડી કેન્દ્રમાં પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. જેમા પ્રોગામ ઓફિસર, આંગણવાડી કાર્યકર દ્વારા વાલીઓ સાથે મુલાકાત કરી પોષણ અંગેના શપથ લીધા હતા. ઉલ્લેખનીય છે કે, તા. ૮ થી તા. ૨૨ એપ્રિલ સુધી પોષણ પખવાડિયાની ઉજવણી થનાર છે. જેના ભાગરૂપે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વિવિધ જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહયા છે.

# જૂનાગઢ જીલ્લા નોટરી એસોસિએશનની વાર્ષીક સાધારણ સભા યોજાઈ

(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૧૬

ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ સ્થિત મીનરાજ શૈક્ષણિક સંકુલ ખાતે તા.૧૩/૪/૨૦૨૫ ને રવિવારના રોજ જીલ્લા નોટરી એસોસિએશનના પ્રમુખ જયકિશન દેવાણીના અધ્યક્ષસ્થાને જીલ્લા નોટરી એસોસીએશનની ભવ્ય સાધારણ સભા મળેલ હતી જેમાં સમગ્ર જીલ્લામાંથી જૂના નોટરીઓ તથા તાજેતરમાં નવનિયુક્ત થયેલ નોટરીઓ ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મીનરાજ સંકુલના પ્રણેતા અને સમાજસેવક દાદુભાઈ કનારા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નવનિયુકત નોટરી મિત્રોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે જૂનાગઢ ખાતે ફરજ બજાવતા નોંધણી નિરીક્ષક સિંધવસાહેબ દ્વારા નોટરી મિત્રોને સ્ટેમ્પ ડયૂટી અંગે જરૂરી માહિતી આપવામાં આવેલ હતી. તેમજ નોટરી સુનિલભાઈ શિંદે દ્વારા નોટરી ના સિક્કા અંગે માહિતી આપવામાં આવેલ,જ્યારે પ્રમુખ દેવાણી દ્વારા વિવિધ નોટરી એક્ટ તથા નોટરી રૂલ્સ અંગે વિસ્તૃત માહિતી, માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં જીલ્લા સરકારી વકીલ નીરવભાઈ પુરોહિત તથા જૂનાગઢ બાર એસોસિએશનના પ્રમુખ જયદેવભાઈ જોશી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક પ્રવચન કરેલ હતું. મંત્રી અતુલભાઈ વ્યાસ દ્વારા વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવેલ તેમજ ટ્રેજરર દિલીપભાઈ ટાંક દ્વારા વાર્ષિક હિસાબનો અહેવાલ રજૂ કરવાના આવેલ. કાર્યક્રમની આભાર વિધિ સિનિયર એડવોકેટ ગીરીશભાઈ મશરૂ દ્વારા અને સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એડવોકેટ,નોટરી નિતેશભાઈ દવે દ્વારા કરવામાં આવેલ હતું.

# જૂનાગઢ જીલ્લા પુસ્તકાલય ખાતે આંબેડકર જયંતિની ઉજવણી



જૂનાગઢ, તા.૧૬

જીલ્લા પુસ્તકાલય જૂનાગઢ ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતી નિમિત્તે સંવિધાન, બાબાસાહેબ આંબેડકરના જીવન પરિચય અને આઝાદીને લગતા પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

# માંગરોળના ધારાસભ્ય દ્વારા બે રસ્તાનું ખાતમુહૂર્ત કર્યું

## મકોડા વડલીથી કંકાસા અને દાતાર મંઝિલથી ટોડાળી સુધી ચાર કરોડના ખર્ચે બંને રસ્તાઓ ડામર રોડ બનશે



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા. ૧૬

જુનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે દાયકાઓથી માંગરોળનો મકોડા વડલીથી વાયા વાંધાળી સીમ ટુ કંકાસા રોડ ખખડધજ હાલતમાં હતો. વર્ષોથી સ્થાનિક ખેડૂતો ફંડ ફાળો ઉઘરાવી સ્વખર્ચે આ રોડ પર માટી કાકરા નાખી મરમ્મત કરાવતા હતા. ગત ટર્મમાં પૂર્વ ધારાસભ્ય ની ગ્રાન્ટમાંથી આ રોડ બનાવવા ત્રણ કરોડ ચોત્રીસ લાખ પાસ થયા હતા. પરંતુ ઐનકેન કારણોસર રોડ બની શક્યો નહીં. હાલ માંગરોળ ભાજપના ધારાસભ્ય ભગવાનજી કરગઠીયાએ સકારાત્મક વલણ અપનાવી આ રોડ તાત્કાલિક ધોરણે બનાવવા તાકીદ કરી હતી. પરીણામે માર્ગ અને મકાન વિભાગ માથી માંગરોળના મકોડા વડલીથી વાયા વાંધાળી સીમ ટુ કંકાસા અને દાતાર મંઝિલથી ટોડાળી સુધી ના બને રોડ નોન પ્લાન કોન્ટ્રાકટ પાસ થઈ જતા ખેડૂતોમાં ખુશીની લાગણી ફેલાઈ હતી. આજ ભગવાનજીભાઈ કરગઠીયા હસ્તે બંને રસ્તાઓનુ ખાત મુહૂર્ત કરી તાબડતોબ કામગીરી શરૂ કરાવી દીધી છે. ચોમાસા પહેલા બંને રસ્તાઓ બનાવી દેવા કોન્ટ્રાકટરે પણ બહેંધરી આપી હતી. મકોડા વડલીથી વાયા વાંધાળી સીમ ટુ કંકાસા રોડ ચાર કીમી રોડ બે કરોડ ત્રેપ્પન લાખના ખર્ચે બનાવવામાં આવશે. જયારે દાતાર મંઝિલથી ટોડાળી સુધી બે કીમી જેટલો રોડ એક કરોડ પાંત્રીસ લાખના ખર્ચે બનાવવામાં આવશે. રોડ બનાવવા તમામ સ્થાનિક ખેડૂતોએ પોતાની રોડ પરની વંડીઓ અને દિવાલો હટાવી દેવા સ્વેચ્છાએ ખુશી ખુશી મંજૂરી પણ આપી હતી. ખાતમુહૂર્તમા ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાની સાથે પાલિકાના ઉપપ્રમુખ અબ્દુલ્લાહમીયા સૈયદ, હાજી મુહમ્મદ હાજીઅબ્બા, ભાજપ શહેર પ્રમુખ નિલેશ સોમૈયા, ગોવિંદભાઈ ચાંડેરા, કીશનભાઈ પરમાર , તાલુકા પંચાયત પ્રમુખ ભાવેશભાઈ ડાભી, અરજનભાઈ આત્રોલીયા, બાલુભાઈ કોડીયાતર, ઈબ્રાહીમભાઈ વરામ, યુસુફભાઈ કરૂડ, મુસાભાઈ કરૂડ, નૂરમુહમ્મદ આરબા સહિતના સ્થાનિક આગેવાનો અને હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# અગ્નિવીર આર્મી ભરતી રેલીની પસંદગી કસોટી માટે તા.૨૫ એપ્રિલ સુધી ઓનલાઈન અરજી કરવી

જૂનાગઢ, તા.૧૬

ભારતીય લશ્કરમાં ઉજ્જવળ અને ગૌરવશીલ કારકિર્દી બનાવવા માંગતા યુવાનો માટે જામનગર આર્મી ભરતી કાર્યાલય દ્વારા અગ્નિવીર આર્મી ભરતી રેલી (૨૦૨૫-૨૦૨૬) ની પસંદગી કસોટી માટે ઓનલાઈન ફોર્મ ભરવા બાબતે આયોજન કરવામાં આવેલ છે.

આ લશ્કરી ભરતી મેળામાં અગ્નીવીર જનરલ ડયુટી,અગ્નીવીર ટેકનીકલ, અગ્નીવીર (કલાર્ક/ સ્ટોર કીપર ટેકનીકલ,( ધોરણ ૧૨ પાસ) અગ્નિવીર ટ્રેડમેન (૮ તથા ૧૦ પાસ) કક્ષા ઉપર ભરતી યોજાવાની છે. આ ભરતી રેલીમાં ભાગ લેવા માટે ઉંમર ૧/૧૦/૨૦૨૪ થી ૧/૪/૨૦૦૮ ની વચ્ચે જન્મેલા ફક્ત અપરણિત પુરુષ ઉમેદવાર પાસેથી http://www.joinindianarmy.nic.in વેબસાઈટ પર તા. ૧૨/૦૩/૨૦૨૫ થી ૨૫/૪/૨૦૨૫ સુધી ઓનલાઈન અરજી મંગાવવામાં આવેલ છે. જેમાં ઓનલાઈન કોમ્પ્યુટર લેખિત પરીક્ષા પ્રથમ આપવાની રહેશે. જાહેરાત માટેની વધુ વિગતો http://www.joinindianarmy.nic.in વેબસાઈટ ઉપર જોઈ શકાશે. આ ઉપરાંત વધુ માહિતી માટે આર્મી ભરતી કાર્યાલય જામનગર (૦૨૮૮) ૨૫૫૦૩૪૬ અથવા જિલ્લા રોજગાર વિનિમય કચેરીને હેલ્પલાઈન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ ઉપર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારી (સામાન્ય) ની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

### સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત

# છ મહિનામાં ૧૦ કિલો વજન ઓછું કરી સ્વસ્થ જીવનશૈલી અપનાવતા કોમલબહેન પુરોહિત

## મેદસ્વિતાને હરાવવા માટે શારીરિક શ્રમ, ડાયેટ ઉપરાંત મનથી મજબૂત સંકલ્પ પણ જરૂરી : કોમલબહેન



ગીર સોમનાથ, તા.૧૬

વધુ પડતી ચરબી હોવાનો વિકાર એટલે કે મેદસ્વિતા. મેદસ્વિતાના કારણે શરીરના પેટ, મોં, સાથળ વગેરે ભાગ પર ચરબીના થર જમાં થાય છે, જેના કારણે શરીરનું વજન વધી જાય છે. મેદસ્વિતાના કારણે અન્ય શારીરિક તકલીફો પણ સર્જાય છે. જેના કારણે સ્વસ્થ જીવનશૈલી જીવવામાં મુશ્કેલી ઉભી થાય છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પણ મેદસ્વિતાને એક વૈશ્વિક સમસ્યા ગણાવી છે. આ વૈશ્વિક સમસ્યાનો સામનો કરવા માટે રાજ્ય સરકારે "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત" અભિયાન થકી લોકોને જાગૃત કરી સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પહેલ કરી છે. સ્વસ્થ જીવનશૈલી તરફ આગળ વધતાં વેરાવળના કોમલબહેન પુરોહિતે છ મહિનાની અંદર ૧૦ કિલો વજન ઘટાડી અને લોકોને પણ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અપીલ કરી છે.

"મન હોય તો માળવે જવાય" આ ઉક્તિને વેરાવળની સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતા પુરોહિત કોમલબહેને બરાબરની સાર્થક કરી છે. કોમલબહેનનું વજન ખૂબ જ વધી ગયું હતું. જેને છ મહિનાની અંદર ૧૦ કિલોગ્રામ જેટલું ઓછું કરી અને સ્વસ્થ જીવનશૈલી જીવી રહ્યાં છે.

કોમલબહેને જણાવ્યું હતું કે, મેદસ્વિતાને હરાવવા માટે શારીરિક શ્રમ, ડાયેટ ઉપરાંત અડગ મન હોવું જરૂરી છે. એકવાર તમે મન મક્કમ કરી અને મજબૂત સંકલ્પ કરી લો તો પછી તમને મેદસ્વિતા ઘટાડી શકવામાં કશું જ આડે આવતું નથી અને પરિણામ પણ સ્પષ્ટ જોવા મળે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, મેં ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગ પદ્ધતિ અપનાવી હતી. ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગ એટલે કે એક નિર્ધારિત સમય સુધી ઉપવાસ રાખવો અને બાકીના સમયમાં પોષકતત્વોથી ભરપૂર આહારનો સમાવેશ કરવો.

ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગમાં ૨૪ કલાકમાંથી ૧૨, ૧૪ અને ૧૬ કલાક કશું જ ખાધા વગર રહેવાનું હોય છે. જેમાં રાત્રે જમવાનું અને પછી સીધું જ બપોરે જમવાનું. પહેલા ૫૦% સલાડ ખાવાનું અને પછી ૫૦% દાળ-રોટલી જે ભાવે એ લઈ શકાય. દરેક વ્યક્તિ મુજબ ડાયેટ તેમજ કસરત કરવાની પદ્ધતિ અલગ અલગ હોય છે. જે ડોક્ટરને કન્સલ્ટ કરી અને અપનાવવી જોઈએ. ફાસ્ટફૂડ ખાવાનું ટાળવું જ જોઈએ. આમ, પોષણરૂપ આહાર પદ્ધતિ અપનાવી વજન ઘટાડવામાં ઈન્ટરમિટન્ટ ફાસ્ટિંગ પદ્ધતિ કોમલબહેનને મદદરૂપ બની હતી. વજન ઓછો કરવાથી શારીરિક તબિયત તો સુધરે જ છે અને માનસિક સ્વાસ્થ્ય પણ સારૂ રહે છે. મેદસ્વિતાને હરાવવા માટે શારીરિક શ્રમ, ડાયેટ ઉપરાંત મનથી મજબૂત સંકલ્પ પણ જરૂરી છે એમ જણાવી કોમલબહેને રાજ્ય સરકારની "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત" ઝુંબેશમાં સહભાગી થઈ અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અપીલ કરી હતી.

# જૂનાગઢના શ્રી જગન્નાથજી મંદિર ખાતે પ્રાચીન કિસ્કિનધા સ્વરૂપ હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતીની ઉજવણી



જૂનાગઢ, તા.૧૬ : શ્રી જગન્નાથજી મંદિર શ્રી સોરઠીયા વાળંદ જ્ઞાતિની જગ્યા ખાતે કિસ્કિનધા સ્વરૂપ(શ્રી રામ તેમજ લક્ષ્મણજીને બન્ને ખંભે બેસાડેલ સ્વરૂપ)શ્રી હનુમાનજીની અતિ પ્રાચીન મૂર્તિ આવેલ છે. પહેલાના વખતમાં જૂનાગઢમાં વટેમાર્ગુ વંથલી દરવાજેથી ગિરનાર દર્શને આવતા ત્યારે હાલ પંચહાટાડીમાં આવેલ મસાણીયા હનુમાન ખાતે માથું ટેકવી સીધા ઢોરો ચડી આ હનુમાન મંદિરે આવતા ત્યાં પગે લાગીને ગિરનાર યાત્રાની શરૂઆત કરતા ત્યારે આજુબાજુ જંગલ વિસ્તાર હતો. આ ટાઈપની દક્ષિણામુખ હનુમાનજીની મૂર્તિ સમગ્ર ભારતમાં ત્રણ છે જેમાંની એક આ મૂર્તિ છે. આ મૂર્તિમાં ચૈત્રી દનીયા વખતે ધોમધખતા તાપ પડે ત્યારે રીતસરનો પ્રસ્વેદ દેખાય છે. આ પ્રાચીન હનુમાનજી મંદિરે તા.૧૨ ને શનિવારે હનુમાન જયંતિ નિમિતિ દર્શને આવતા ભક્તજનોને પ્રસાદ વિતરણ કરવામાં આવેલ હતો.આ કાર્યક્રમમાં રાજુભાઈ ચુડાસમા, નિર્મળભાઈ પરમાર, રમેશભાઈ વાજા, વિજય ચુડાસમા, શૈલેષભાઈ પારેખ સહીતનાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# અદાણી જૂથ માટે ખુશખબર : વ્હાઈટ કોલર કાયદાઓ મામલે ડોનાલ્ડ ટ્રંમ્પની પીછેહઠ

અમદાવાદ, તા.૧૭

અદાણી જૂથ માટે ફરી એકવાર સારા સમાચાર આવ્યા છે, શેરબજારમાં અદાણીના શેરમાં તોફાની તેજી બાદ અમેરિકન સરકાર તરફથી મોટી રાહત મળી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે લાંચ વિરોધી કાયદાઓ પ્રત્યે નરમ વલણ રાખતા તેને લાગુ નહીં કરવાનો નિર્ણય લીધો છે.ટ્રમ્પ વહીવટીતંત્રે ચોક્કસ પ્રકારના વ્હાઈટ-કોલર ગુનાઓ સામે કેસ ચલાવવાથી પાછળ હટવાનો નિર્ણય લીધો છે. જેનાથી અદાણી ગ્રુપને ફાયદો થવાની સંભાવના છે.રાષ્ટ્રપતિનું પદ સંભાળ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. ટ્રમ્પ વહીવટીતંત્રે લાદેલા 'ટેરિફ ટેરર'થી વિશ્વભરના બજારોમાં ઉથલપાથલ મચી ગઈ છે. હવે ટ્રમ્પ વહીવટીતંત્ર ચોક્કસ પ્રકારના વ્હાઈટ-કોલર ગુનાઓ લાગુ કરવાથી પીછેહઠ કરી રહ્યું છે. જેમાં વિદેશી લાંચ, જાહેર ભ્રષ્ટાચાર, મની લોન્ડરિંગ અને ક્રિપ્ટો માર્કેટ સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે.ડોનાલ્ડ ટ્રમ્પે એક્ઝિક્યુટિવ ઓર્ડર ઉપર હસ્તાક્ષર કર્યાના બે મહિનામાંજ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તે યુએસ ન્યાય વિભાગને વિદેશી વ્યાપાર સોદા મેળવવા માટે વિદેશી અધિકારીઓને લાંચ આપવાના આરોપમાં અમેરિકનો ઉપર કાર્યવાહી બંધ કરવાનો નિર્દેશ આપે છે.વોલ સ્ટ્રીટ જર્નલના એક અહેવાલ મુજબન્યાય વિભાગમાં એટર્ની જનરલ પામ બોન્ડીએ ફરિયાદીઓને મની લોન્ડરિંગ અને પ્રતિબંધો ચોરી વિરોધી પ્રયાસો ડ્રગ કાર્ટેલ અને આંતરરાષ્ટ્રીય ગુના સંગઠનો પર કેન્દ્રિત કરવાનો આદેશ આપ્યો છે.જેમાં કહેવામાં આવ્યું છે કે વહીવટીતંત્ર વ્યવસાયિક આચરણના કેસોમાં ગુનો શું છે તે અસરકારક રીતે ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યું છે. આ નિર્ણયોનો હેતુ અમેરિકન નાગરિકોને રાહત આપવાનો છે. સૌથી મોટી વાત એ છે કે, આ નિર્ણયથી અમેરિકન કોર્ટમાં આરોપોનો સામનો કરી રહેલી કંપનીઓ અને તેમના અધિકારીઓને પણ ફાયદો થઈ શકે છે. અદાણી ગ્રુપના કેટલાક ટોચના અધિકારીઓ જેઓ હાલમાં યુએસમાં લાંચના આરોપોનો સામનો કરી રહ્યા છે.જો કે, અદાણી ગ્રુપે આ આરોપોને 'પાયાવિહોણા' ગણાવ્યા છે," સૂત્રોના મતે નવી નીતિ એઝ્યુર પાવરને રાહત આપે તેવી શક્યતા છે.

# હિટવેવ અન્વયે બપોરે ૧ થી ૪ કલાક દરમ્યાન બાંધકામ સાઈટ ઉપર શ્રમયોગીઓને કામ બંધ રાખવા સૂચના

જૂનાગઢ, તા.૧૬

બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ (RE&CS) એક્ટ-૧૯૯૬ અન્વયે હાલના ઉનાળા દરમિયાન તાપમાન વધવાના કારણે બાંધકામ ક્ષેત્રે કાર્યરત શ્રમયોગીઓના આરોગ્ય અને સુરક્ષા માટે ખાસ તકેદારી રાખવા બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન બાંધકામ સાઈટ પર શ્રમયોગીઓને કામ બંધ રાખવા સૂચના ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ, જૂનાગઢ દ્વારા આપવામાં આવી છે. મકાન અને અન્ય બાંધકામની કામગીરીમાં રોકાયેલ બાંધકામ શ્રમયોગીઓને પ્રવર્તમાન ઉનાળા સીઝનમાં અવારનવાર પડતી અતિશય ગરમીના કારણોસર લું લાગવી કે અન્ય સ્વાસ્થ્ય સંબંધિત જોખમો સામે રક્ષા મળે તે હેતુ થી માટે બપોરે ૧ થી ૪ ના સમયગાળા દરમ્યાન ખુલી જગ્યાએ કે જ્યાં સૂર્યના તાપની સીધી અસર પડે તેવી જગ્યાએ તમામ બાંધકામ પ્રવૃત્તિ કરનાર બિલ્ડર્સ, એમ્પ્લોયર્સ અને કોન્ટ્રાક્ટરો વગેરેને બાંધકામ પ્રવૃતી સાથે સંકળાયેલ શ્રમયોગીઓને આગામી જૂન-૨૦૨૫ સુધી આરામ/વિશ્રામ માટેનો સમય ખાસ કિસ્સામાં ફાળવવા સૂચના આપવામાં આવે છે. તથા આ રીતે ફાળવેલ વિશ્રામના સમયને "ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી નિયમો – ૨૦૦૩" ના નિયમ ૫૦(૨) મુજબ "Interval of Rest" તરીકે ગણવામાં આવશે અને નિયમ ૫૦(૩) મુજબ,આ રીતે આપવામાં આવનાર વિશ્રામના સમયગાળા સહીતનો કુલ સ્પ્રેડ ઓવર સમય દિવસમાં ૧૨ કલાકથી વધુ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવાનું ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ, નાયબ નિયામક, જૂનાગઢની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સંરક્ષણવાદનું કાયમી સમાધાન કરવું પડશે

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રસ્તાવિત આયાત શુલ્ક એટલેકે ટેરિફની જાહેરાત થઈ ગઈ. ટ્રમ્પના માનવા પ્રમાણે તેમનું આ પગલું આંતરરાષ્ટ્રીય વેપારમાં ચાલતી આવતી અસમાનતા દૂર કરવાનો પ્રયાસ છે. ટ્રમ્પ પ્રશાસન માને છે કે અમેરિકામાં તો આયાતી ઉત્પાદનો પર ટેરિફના દરો ખૂબ ઓછા હતા, પરંતુ બાકી દેશોમાં અમેરિકી ઉત્પાદનો પર ભારે ટેરિફ ચૂકવવો પડે છે. ટેરિફ માળખામાં બદલાવને ટ્રમ્પે પોતાનો મહત્ત્વનો ચૂંટણી મુદ્દો બનાવ્યો હતો. વધેલા આયાત શુલ્ક બે શ્રેણીઓમાં આવ્યા છે. પહેલો આધાર શુલ્ક એટલેકે બેઝ ટેરિફ, જે અત્યાર સુધી અઢી ટકા હતો. તેને વધારીને દસ ટકા કરવામાં આવ્યો છે. બીજી શ્રેણીમાં વિભિન્ન દેશોને ચિહ્નિત કરીને એમના પર અલગ-અલગ દરે પારસ્પરિક એટલે કે રેસિપ્રોકલ ટેક્સ લગાવવામાં આવ્યો છે. તેની ગણના કરવા માટે અમેરિકાએ વિભિન્ન દેશો સાથે પોતાના વેપાર ખાધને આધાર બનાવી છે. વધેલા શુલ્કનો સૌથી વધુ માર ચીન, વિયેતનામ, થાઈલેન્ડ, તાઈવાન વગેરે પર પડવાનો છે. યુરોપિયન યુનિયન, દક્ષિણ કોરિયા અને જાપાન એ દેશોમાં સામેલ છે, જેના પર અપેક્ષાકૃત ઓછો ટેરિફ લગાવવામાં આવ્યો છે, પરંતુ અમેરિકાને થનારી ભારે નિકાસને કારણે આ ઓછો ટેરિફ દર પણ આ દેશોની અર્થવ્યવસ્થા પર ભારે પ્રભાવ કરશે. બાકી દેશોના મુકાબલે ભારત પર લગાવવામાં આવેલો ૨૬ ટકા ટેરિફ હળવો કહી શકાય. પોતાના ચૂંટણી અભિયાનમાં ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને વિશેષ રૂપે ઇંગિત કરીને ટેરિફ કિંગ ગણાવ્યું હતું અને એ કારણે આશા રખાતી હતી કે ભારત પર પણ ચીન અને વિયેતનામ જેટલો ભારે શુલ્ક લગાવવામાં આવશે. ભારતનું આ રીતે સસ્તામાં છૂટી જવું રાહતદાયક છે. જોકેભરતની અમેરિકાને થનારી નિકાસ જીડીપીના માત્ર બે ટકા છે, તેથી ભારતીય અર્થવ્યવસ્થા પર એકદમ કોઈ બહુ મોટો પ્રભાવ નહીં પડે. ઉલ્લેખનીય વાત છે કે દવાઓ, ધાતુઓ, સેમીકંડક્ટર વગેરેને જવાબી ટેરિફથી મુક્ત રાખવામાં આવ્યા છે. અમેરિકાને નિકાસ થનારી ભારતીય વસ્તુઓનો બહુ મોટો હિસ્સો આ જ શ્રેણીઓમાં આવે છે.

યુએસએઇડની સમાપ્તિ, સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર સમિતિ, પેરિસ જળવાયુ સમજૂતી અને ડબ્લ્યૂએચઓ જેવા સંગઠનોથી નીકળવું અને અપ્રવાસન નીતિમાં કડકાઈ દેખાડે છે કે ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકાએ બહુપક્ષવાદ અને આંતરરાષ્ટ્રીય હસ્તક્ષેપ નીતિને વિદાય આપી દીધી છે. જવાબી ટેરિફ લગાવવાની જાહેરાતથી તેણે એક રીતે વિશ્વ વેપાર સંગઠન સમજૂતીમાંથી હાથ ખેંચીને આર્થિક ક્ષેત્રમાં પણ એકલા ચાલોની નીતિ અપનાવી લીધી છે. આ નીતિઓનો અમેરિકા અને સમગ્ર વિશ્વ પર પ્રભાવ કેવો પડશે, એ તો સમય જ બતાવશે, પરંતુ એ સ્પષ્ટ છે કે અમેરિકા ઉદ્યોગના મહત્ત્વને સમજીને ફરીથી ઉત્પાદન ક્ષેત્ર પર ભાર મૂકી રહ્યું છે. જર્મની જેવા યુરોપીય દેશો પહેલેથી જ સ્વચાલિત નિર્માણ ટેક્નોલોજીની મદદથી ઉત્પાદન પ્રક્રિયાઓને વિસ્તાર આપવામાં પડ્યા છે. આખી દુનિયા એ વાતે એકમત છે કે ઉત્પાદન અને વેપારી સ્પર્ધા જ આ યુગનું યુદ્ધક્ષેત્ર છે.

બદલાયેલી પરિસ્થિતિઓમાં ભારત પાસે બે વિકલ્પો છે. પહેલો એ કે આપણે ઘરેલુ ઉત્પાદનને સંરક્ષણ ઓર વધારી દઈએ કે પછી અમેરિકાની ચિંતાઓને સંબોધિત કરીને કર ટેરિફ ઓછો કરીએ. જો ભારત વૈશ્વિક બજારમાં પોતાનું સ્થાન બનાવવા માગતું હોય તો તેણે સંરક્ષણવાદથી મુક્તિ મેળવવી પડશે. ઘરેલુ ઉત્પાદનને મળેલા સંરક્ષણે ભારતીય ઉત્પાદનોની ગુણવત્તાને ક્યારેય નિખરવા ન દીધી. અમૂલ સિવાય કદાચ જ કોઈ એવું ઉત્પાદન હોય, જેણે ભારતની બહાર પોતાની ઓળખ બનાવી હોય. ઉત્પાદન ક્ષેત્રે આજે એ વધુ જરૂરી થઈ ગયું છે કે બજારમાં પોતાનું સ્થાન બનાવવા માટે વિશિષ્ટતા, નવીનતા, ગુણવત્તા અને ડિઝાઈન પર નિરંતર ભાર મૂકવામાં આવે. સંરક્ષણવાદી નીતિઓને કારણે એવું થઈ શકવું મુશ્કેલ છે. આપણે એની અવગણના ન કરી શકીએ કે ચુનંદા વેપારી ગૃહોને સંરક્ષણ આપતાં કેટલાક એવા ઉત્પાદનોની ઉપલબ્ધતા અને મૂલ્યને નિયંત્રિત કરવામાં આવ્યા છે, જે સહાયક ઉત્પાદન પર પ્રતિકૂળ પ્રભાવ કરી રહ્યું છે. વસ્ત્ર અને ફૂટવેર ઉત્પાદન તેનાં ઉદાહરણ છે. બાંગ્લાદેશના વસ્ત્ર નિકાસમાં આવેલા ઉછાળનું એક કારણ ત્યાં કાચા માલની ઉપલબ્ધતામાં વિવિધતા છે. બીજી તરફ ભારતમાં કેટલીય પ્રકારના કપડાં પર લાગુ એન્ટી ડંપિંગ ડ્યૂટીએ ગારમેન્ટ નિર્માણની સંભાવનાઓને સીમિત કરી છે. એવામાં આ કોઈ ચોંકાવનારી વાત નથી કે વિયેતનામ અને થાઈલેન્ડ જેવા દેશોની નિકાસ તેમની અર્થવ્યવસ્થાના અનુક્રમે ૮૭ અને ૬૫ ટકા થઈ ગઈ છે. આ દેશોમાં સરેરાશ આયાત શુલ્ક ૯.૬ અને ૧૧.૫ ટકા છે. આના મુકાબલે ભારતનો સરેરાશ આયાત શુલ્ક ૧૮ ટકા છે. ભારતીય પરિદૃશ્યમાં વર્તમાન પરિસ્થિતિઓની તુલના ૧૯૯૧ સાથે કરી શકાય છે, જ્યારે ભારતે પોતાના અર્થવ્યવસ્થાને ખોલવી પડી હતી. એ સમયે પણ શરૂઆતી વિરોધ અને શંકા બાદ અંતે પરિણામ સુખદ આવ્યું. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલ ટેરિફ એ અર્થમાં ભારતને એક સોનેરી અવસર પ્રદાન કરે છે કે દક્ષિણ પૂર્વ એશિયામાં મલેશિયાને છોડીને બાકી તમામ દેશોની તુલનામાં ભારત પર લાગેલ ટેરિફ સૌથી ઓછો છે. તેનાથી ભારતના કપડાં, વસ્ત્ર, જૂતાં, સેમીકંડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ, કેમિકલ અને રમકડાં નિર્માણને તુલનાત્મક લાભ મળવો જોઈએ, પરંતુ ભારત માટે ઉત્પાદન ક્ષેત્રોનો વિસ્તાર એટલો જ પડકારજનક છે, જેટલો ટ્રમ્પ દ્વારા માત્ર ટેરિફ વધારવાથી ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહનની આશા. પોતાના ઉત્પાદન ક્ષેત્રના વિકાસ માટે ભારતે કૌશલ વિકાસ, પૂંજીનો ખર્ચ, શ્રમ કાયદામાં સુધાર, લાલફીતાશાહી, સરકારી ભ્રષ્ટાચાર અને સામાન્ય વ્યવહારમાં વ્યાવસાયિક દૃષ્ટિકોણ પર ધ્યાન આપવું પડશે. ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલ ટેરિફ ભારત માટે આપદામાં અવસર બની શકે છે, પરંતુ એના માટે આપણે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ની સંકલ્પનાને નારેબાજીથી આગળ વધીને વ્યવહારમાં પણ ઉતારવી પડશે.

# કેન્દ્ર સરકારે લીગલ મેટ્રોલોજી (જનરલ) નિયમો, ૨૦૧૧ હેઠળ ગેસ મીટર માટે ડ્રાફ્ટ નિયમો ઘડ્યા

## નિયમો અનુસાર, વેપાર અને વાણિજ્યમાં ઉપયોગ કરતા પહેલા ગેસ મીટરનું પરીક્ષણ, ચકાસણી અને સ્ટેમ્પ લગાવવું ફરજિયાત છે

નવી દિલ્હી, તા. ૧૬

ભારત સરકારના ગ્રાહક બાબતોના વિભાગે કાનૂની મેટ્રોલોજી (જનરલ) નિયમો, ૨૦૧૧ હેઠળ ગેસ મીટર માટે ડ્રાફ્ટ નિયમો ઘડીને ગ્રાહક સુરક્ષાને મજબૂત બનાવવા, વાજબી વેપાર પ્રથાઓને પ્રોત્સાહન આપવા અને ગેસના ઉપયોગમાં સચોટ માપન સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ નિયમો હેઠળ, ઘરેલુ, વાણિજ્યિક અને ઔદ્યોગિક હેતુઓ માટે ઉપયોગમાં લેવાતા તમામ ગેસ મીટરનો વેપાર અને વાણિજ્યમાં ઉપયોગ કરતા પહેલા પરીક્ષણ, ચકાસણી અને સ્ટેમ્પ લગાવવા જરૂરી છે. નિયમોમાં આ ગેસ મીટરની ચોકસાઈ સુનિશ્ચિત કરવા માટે તેમની ફરીથી ચકાસણી કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

આ નવા નિયમોનો મુખ્ય ઉદ્દેશ ગેસના માપમાં ચોકસાઈ, પારદર્શકતા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવાનો છે. વેરિફાઇડ અને સ્ટેમ્પેડ ગેસ મીટર્સ વધુ પડતું ચાર્જિંગ અથવા ઓછું માપન અટકાવશે, વિવાદો ઘટાડશે અને ખામીયુક્ત અથવા ચાલાકીયુક્ત ઉપકરણો સામે ગ્રાહકોને ખાતરીપૂર્વક રક્ષણ પૂરું પાડશે. વાજબી બિલિંગ, સુધારેલી ઊર્જા કાર્યક્ષમતા અને પ્રમાણિત અને સુસંગત ઉપકરણોમાંથી ઉદ્ભવતા જાળવણી ખર્ચમાં ઘટાડો કરીને ગ્રાહકોને સીધો લાભ મળશે.

ઉપભોક્તા લાભો ઉપરાંત, નિયમો ઉત્પાદકો અને ગેસ વિતરણ કંપનીઓ માટે માળખાગત અનુપાલન માળખું પૂરું પાડે છે, જે આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રણાલિઓ અને ઓઆઈએમએલ (ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ લીગલ મેટ્રોલોજી) ધોરણો સાથે સુસંગત છે. આ ગોઠવણી ભારતની વૈશ્વિક ધારાધોરણો પ્રત્યેની કટિબદ્ધતાને મજબૂત કરે છે, આંતરરાષ્ટ્રીય વેપારમાં વિશ્વસનિયતાને વેગ આપે છે અને સ્થાનિક ઉત્પાદન પ્રણાલીની અંદર નવીનતા અને ગુણવત્તાની ખાતરીને પ્રોત્સાહન આપે છે.

ગ્રાહક બાબતોના વિભાગના લીગલ મેટ્રોલોજી ડિવિઝન, જેને તમામ વજન અને માપનની સચોટતાની ખાતરી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, તેણે આ નિયમોનો મુસદ્દો તૈયાર કરવા માટે સંપૂર્ણ અને સમાવેશી સલાહકાર પ્રક્રિયાને અનુસરી છે. આ મુસદ્દો તૈયાર કરવા માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ મેટ્રોલોજી (આઈઆઈએલએમ), રિજનલ રેફરન્સ સ્ટાન્ડર્ડ લેબોરેટરીઝ (ઈઈજી-)ના પ્રતિનિધિઓ, ઉદ્યોગના નિષ્ણાતો અને સ્વૈચ્છિક ગ્રાહક સંગઠનો (ફર્ઝ)ના પ્રતિનિધિઓની બનેલી એક ટેકનિકલ સમિતિની રચના કરવામાં આવી હતી. તેની સાથે જ બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (ૈંજી)ને આ ડ્રાફ્ટની તપાસ કરવા અને વૈજ્ઞાનિક અને ટેકનિકલ ઈનપુટ પૂરા પાડવા માટે રોકવામાં આવ્યું હતું.

ડ્રાફ્ટ નિયમો ઉત્પાદકો, ટેસ્ટિંગ લેબોરેટરીઝ, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (ઝ્રય્ઢ) કંપનીઓ અને રાજ્ય કાનૂની મેટ્રોલોજી વિભાગો સહિતના હિતધારકોમાં વ્યાપકપણે પ્રસારિત કરવામાં આવ્યા હતા. તેમના પ્રતિભાવોનું કાળજીપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને જ્યાં જરૂર પડે ત્યાં અંતિમ મુસદ્દામાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક પાસાને વ્યાપકપણે હાથ ધરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે હિતધારકોની બેઠકો અને આંતર-વિભાગીય પરામર્શના બહુવિધ તબક્કાઓ યોજાયા હતા, જેમાં અમલીકરણની સરળતા સાથે નિયમનકારી જરૂરિયાતોને સંતુલિત કરવામાં આવી હતી.

વિચાર-વિમર્શ બાદ, ઉદ્યોગ અને અમલીકરણ અધિકારીઓને અનુપાલન માટે તૈયારી કરવાની મંજૂરી આપવા માટે ટ્રાન્ઝિશનલ અવધિની જોગવાઈ સાથે નિયમોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ માપેલો અભિગમ ગેસ પુરવઠો વિક્ષેપિત કર્યા વિના અથવા ગ્રાહકો અથવા વ્યવસાયો પર ભાર મૂક્યા વિના દેશભરમાં સરળ અમલીકરણની ખાતરી આપે છે. આ પહેલ વૈશ્વિક માપદંડોને અનુરૂપ ભારતની માપન પ્રણાલીને આધુનિક બનાવવા, ગ્રાહકોનો વિશ્વાસ વધારવા અને બજારમાં કાર્યદક્ષતા અને અખંડિતતાને પ્રોત્સાહન આપવાની વિભાગની કટિબદ્ધતા પર ભાર મૂકે છે. આ નિયમો સાથે ભારત ગેસ માપનની પારદર્શક અને જવાબદાર વ્યવસ્થાની નજીક પહોંચ્યું છે, જે તેના ગ્રાહક-કેન્દ્રિત શાસન અને આંતરરાષ્ટ્રીય માનકીકરણના વિઝન સાથે સુસંગત છે.

## સરકારે જાહેર કરી હાઈ-રિસ્ક વોર્નિંગ

# સૌથી મોટા ખતરામાં છે Android સ્માર્ટફોન યુઝરનો પર્સનલ ડેટા!




(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૬

જો તમે જૂના વર્ઝન પર કામ કરતા એન્ડ્રોઈડ ફોનનો ઉપયોગ કરી રહ્યાં છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. તમારી સિસ્ટમને તાત્કાલિક અપડેટ કરવાનો સમય આવી ગયો છે. કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In) એ એન્ડ્રોઈડ યૂઝર્સ માટે હાઈ રિસ્ક વોર્નિંગની ચેતવણી જાહેર કરી છે.

એન્ડ્રોઈડ યુઝર્સને એલર્ટ કરવામાં આવ્યા છે કે જૂના એન્ડ્રોઈડ OSમાં ઘણી સુરક્ષા ખામીઓ જોવા મળી છે. જેનો ફાયદો ઉઠાવીને હેકર્સ તમારો ડેટા ચોરી શકે છે. તમે તમારા ડિવાઈસને પણ નિયંત્રિત કરી શકો છો. આ કારણે તમારી નાણાકીય માહિતી પણ ચોરાઈ શકે છે.

CERT-In ને એન્ડ્રોઈડ ૧૩, ૧૪ અને ૧૫ પહેલાની Android ઓપરેટિંગ સિસ્ટમમાં ઘણી ખામીઓ જોવા મળી છે. જેનો અર્થ એ છે કે જૂના એન્ડ્રોઈડ વર્ઝનનો ઉપયોગ કરતા યૂઝર્સનો ડેટા સુરક્ષિત નથી.

આ અંગેની માહિતી CERT-Inની અધિકૃત વેબસાઈટ પર Vulnerability NOe CIVN-2025-0077માં આપવામાં આવી છે. જે મુજબ, ખામીઓને કારણે હેકર્સ ફોનમાં હાજર પર્સનલ ડેટાની ચોરી કરી શકે છે. એટલું જ નહીં તેના કારણે એન્ડ્રોઈડ સિસ્ટમ પણ યોગ્ય રીતે કામ કરતી નથી.

આ ખામીઓ Android ઈકોસિસ્ટમના વિવિધ કંપોનેટ્સ સાથે જોડાયેલી છે. આમાં સિસ્ટમ ફ્રેમવર્ક, Google Play સિસ્ટમ અપડેટ્સની સાથે ઓપરેટિંગ સિસ્ટમનો મુખ્ય ભાગ કર્નેલનો પણ સમાવેશ થાય છે. મીડિયાટેક, ક્વોલકોમ, આર્મ અને ઈમેજિનેશન ટેક્નોલોજીસ જેવા મુખ્ય હાર્ડવેર પ્રોવાઈડર્સના કેટલાક થર્ડ પાર્ટી કંપોનેંટ્સમાં પણ ખામીઓ જોવા મળી છે. આ ખામીઓનો લાભ લઈને સાયબર ગુનેગારો સરળતાથી ફોન સુધી ઉચ્ચ સ્તરીય ઍક્સેસ મેળવી શકે છે અને પાસવર્ડ અથવા નાણાકીય વિગતોની ચોરી કરી શકે છે.

આ ખતરાને ટાળવા માટે તમારા ફોનને એન્ડ્રોઈડ વર્ઝન ૧૩, ૧૪ કે ૧૫ પર અપડેટ કરો. આ સિવાય સમયાંતરે સિસ્ટમ અપડેટ્સ ચેક કરીને સિસ્ટમ અપડેટ કરતા રહો. અજાણ્યા સ્રોતોમાંથી કોઈપણ એપ ડાઉનલોડ કરવાનું ટાળો.

# પાસંઠ વર્ષની રામનામ યાત્રાનું ત્રિસત્ય મોરારિબાપુ



(મોરારિબાપુ વિશે ધારણાઓ બાંધી લેવી અને તેનાથી તમારા મતને ઘડવો તે બાલીશતાનો એક પ્રકાર છે.આપણે તેને રોકી શકીએ નહીં પરંતુ બાપુના રામતત્વ દર્શનને નજીકથી નીરખીને તેને ઓળખવાની કોશિશ તો કરો..!!!સંકલન .તખુભાઈ સાંડસુર )

રામનામને પરખ્યું તેના મારા ત્રણ અનુભવો કહેવા છે.કદાચ આજે જે રીતે મહુવામાં મુખર થઈને આ વાત કરી રહ્યો છું,તે કદાપી જાહેરમાં મુકી નથી.કોઈ મને હવે ૬૫ વર્ષના મારાં રામનામના ગાન પછી પુછે કે તમે તેમાંથી કોઈ તત્વ કે અનુભવને તારવીને શું કહેશો ? તો હું ત્રણ મુખ્ય વાત કહેવાનું પસંદ કરું.કોઈપણને જ્યારે પ્રત્યક્ષ રીતે મળવાનું થાય ત્યારે સૌથી પહેલાં આપણે તન નથી મળતા હોઈએ છીએ. એટલે કે આપણે આપણાં શરીરથી એકબીજાને મળીએ છીએ અને પછી એ મુલાકાત ધીમે ધીમે જો વધે તો મન સુધી જાય છે.પણ અહીં કહેવું જોઈએ કે સૌથી પહેલા આપણે જો મનની વાત કરીએ તો આપણાં સુરતના કવિ ગની દહીંવાલા કહે છે તેમ "ન ધરા સુધીના ગગન સુધી આપણે તો જવું હતું એક મેકના મન સુધી" અને પછી ત્યાંથી આગળ જઈને 'ન ઉન્નત ન પતન સુધી'ની વાત પણ તેમાં આવી જાય છે. હું જીવનમાં સદભાવનાઓ, દૂર્ભાવનાઓ બધું અમારા ગામની નદી 'રુપાવા'માં વહેવડાવી દઉં છું.મારે તો એ બધું આવે,પણ મારાં શ્રોતાઓ પણ ક્યાં તેમાંથી મુક્ત થઈ શકે છે.માણસ એ માણસ સુધી પહોંચ્યો નથી.આપણે સંબંધોમાં પહોંચ્યા છીએ,પરંતુ પ્રેમમાં પહોંચ્યા નથી. વિનોબાજી કહે છે તેમ ગુણનું સંકીર્તન કરવું. આપણાં ગુણોને પણ આપણે શા માટે ન શણગારી શકીએ?! એક કિસ્સામાં શાયર એ મુશાયરામાં મોડાં પડે છે અને કોઈની સાથે રસ્તામાં મુલાકાત કરીને આસક્ત થાય છે.પણ તુલસીદાસજી કહે છે કે રસ્તામાં મળે તેની સાથે આસક્તિ ન હોવી જોઈએ.કોઈપણ ધંધો પોતાની શક્તિથી વધુ દેવું કે કર્જ કરીને ન કરવો જોઈએ.મારું જીવન એ હરિ નામ આહાર છે. તેથી જેને સદાય ભજનનો આહાર હોય તે મનથી પ્રફુલ્લિત રહે.ગંગા સતી પણ એ ભજન આહારને અનુમોદિત કરે છે.રામનું નામ લેતો રહું છું અને રામના કામ કરતો રહું છું. હા, લંકાકાંડની જ્વાળાઓ કદાચ તેથી જ જરાય સ્પર્શ કરી શકતી નથી."ઈશ ભજ સારથી સુજાના".ધૈર્ય અને શોર્ય ટકાવવા જોઈએ,જે ધૈર્ય રાખી શકે એ જ શોર્ય કહેવાય. ઉર્જા અને ઉત્સાહ ઘટવો ન જોઈએ.ગીતા કહે છે 'ઈન્દ્રિયાણા મનશ્ચાસ્મિ' ઈન્દ્રિયોમાં મન હું છું. તેથી રામનામ મનને ભર્યું રાખે છે. બીજી શરીરની વાત કરીએ તો મને રામ નામની ૬૫ વર્ષની યાત્રામાં થાકનો અનુભવ થયો નથી.જેમની પાસે દ્રષ્ટિ હશે તે જરૂર જોઈ શકશે કે આજે પણ તન થાક્યું નથી.હમણાં જ હું આર્જેન્ટીનાની ૩૦ કલાકની હવાઈ મુસાફરી કરીને તલગાજરડા પહોંચ્યો.પરંતુ થાકનો અનુભવ નથી થયો.મુસાફરી કરતાં એક વડીલ મને મારી ચિંતા કરતાં હંમેશા કહે કે બાપુ, આ ગોળી લઈને સુઈ જાવ.અરે, હું કહું કે મને મારી માંએ એ બાળાગોળી આપી છે કે જેનું નામ રટતા રટતા ક્યારે ઊંઘ આવી જાય ખ્યાલ નથી રહેતો.આજે ૮૦ વર્ષે પણ હું ખૂબ સ્ફૂર્તિથી કરતાલ પણ વગાડી શકું.ખાવા પીવાની વાત છોડો પરંતુ મારું બધું જ એ હરિ નામ છે માટે શરીરમાં સ્ફૂર્તિ દેખાઈ રહી છે. ત્રીજું સત્ય આત્મા છે.આત્માની વિશેષ જાગૃતિ, આત્મજ્યોતિનો પ્રકાશ રામનામથી અનુભવાય છે. "આતમ અનુભવ સુમરું પ્રવાસા" રામનામથી આત્મ પરિચય થવા માંડે છે.રામને પ્રેમ અને ભક્તિથી ઓળખી શકાય બુદ્ધિથી નહીં.તર્ક,વિતર્કો કરીને ઘણીવાર આપણે અમૃત પીધા વગર જતાં રહીએ છીએ. જીવન અનેક રીતે અભાવમાં વીત્યું તો પણ તેનો રંજ નથી.જીવનમા દ્રઢ ભરોસો તેના પર સતત રહ્યો છે. નાનપણમાં અમારા ઘેર સત્યનારાયણની કથા કરવાની હતી અને મને તાવ આવી ગયો. કથા સાંજે હતી પરંતુ બપોરથી માંએ રામનામનું રટણ શરૂ કર્યું અને સાંજ પડતા તાવ ગયો.આ વાત કોઈ ચમત્કારમાં ન લેતા, આપણે ચમત્કાર કે અંધવિશ્વાસને અનુમોદન આપતા નથી.પણ જીવનના ભરોસાને જરૂર યાદ રાખીએ છીએ. પરમાત્મા એ ચોથું કેન્દ્ર છે. પરંતુ તે તરફ આપણે નથી જવું અને તે મેળવ્યાની કોઈ સેખી કે ફાંકો પણ નથી મારવો. કારણ કે હું કોઈને છેતરી ન શકું અને એમ પણ મારાં શ્રોતાઓને તો નહીં જ!! સત્ય જ્યાંથી મળે ત્યાંથી મેળવી લેવું." કૃતાર્થ લભ્યતે". બધું તે કરે ,તેથી રામનામ અભંગ છે તે ક્યાંય ભંગ પડવા દેતું નથી.

(મહુવાના પ્રેમભિક્ષુજી પ્રેરિત અંખડ સંકિર્તન? વાર્ષિક દિન તા. ૧૨-૪-૨૫ હનુમાન જયંતિએ આપેલ પ્રવચનથી સંકલિત)

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

આળસથી વિદ્યા નષ્ટ થાય છે.

- આચાર્ય ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. આદર-૧૩૯૪, મુ. શવ્વાલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ચૈત્ર વદ-૩ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૧૦:૧૭ ક.) તા.૧૬ એપ્રિલ ૨૦૨૫, બુધવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૧૭, અનુરાધા નક્ષત્ર, વ્યતિપાત યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૩૧, સૂ.અ.૭:૧૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અગત્યની મુલાકાતથી લાભ થાય. મનમાં પ્રફુલિતતા રહે.
વૃષભ:અણધાર્યો લાભ થાય. કાર્યબોજ હળવો બને.
મિથુન:ગુંચવાયેલા પ્રશ્નોનો ઉકેલ આવે. મહેનત પછી કાર્યમાં સફળતા મળે.
કર્ક: મિલન-મુલાકાતમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
સિંહ: ધાર્યા કાર્યમાં વિઘ્ન ઉદ્ભવે. મુસાફરી ટાળવી હિતાવહ.
કન્યા: રોકાયેલા નાણાં છૂટા થાય. કૌટુંબિક મતભેદ દૂર થાય.
તુલા: તબિયત નરમ-ગરમ રહે. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
વૃશ્ચિક:સામા પ્રવાહમાં ચાલતા હોઈએ તેવું અનુભવાય. ગૃહવિવાદ.
ધન: અંગત મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ વિતે.
મકર: પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. ભાગ્ય ફળે.
કુંભ: નાણાંભીડ દૂર થાય. અટકેલા કાર્યો આગળ ધપે.
મીન: આકસ્મીક લાભ મળે. યશ, માન, કીર્તિમાં વધારો થાય.

# ૯૦ દિવસ માટે ટાઢા પડેલા ટ્રમ્પ સુધરી જાય તો સારૂ



મુંબઈ તા.૧૬

અમેરિકાના પ્રમુખ તરીકે જરા પણ ન શોભે તેવી હરકતો કરતા અને અશ્લીલ ભાષા વાપરતા ડોનાલ્ડ ટ્રમ્પે આડેધડ ટેરિફ દરો લાદવાની ઘોષણા કરીને આખી દુનિયા સાથે શિંગડા તો ભરાવી દીધા પણ જ્યારે જોયું કે આમાં તો ખુદ અમેરિકાનું જ આર્થિક દેવાળું ફુંકાઈ જશે. એટલે એમણે હાલ ૯૦ દિવસ માટે પોતાની આ પારસ્પટિક ટેરિફ લાદવાની નીતિ મોકૂફ રાખી દીધી છે. જેના કારણે વિશ્વના બજારોમાં કામચલાઉ રાહત જરૂર પ્રસરી છે પરંતુ આગામી દિવસોમાં ટ્રમ્પ કેવું વલણ અપનાવશે તેના ઉપર સઘળો દારોમદાર છે. જો કે જે રીતે ટ્રમ્પના આ પગલાનો ચારેકોરથી ભારે વિરોધ થઈ રહ્યો છે અને ખુદ અમેરિકામાં જ એમની સામે આંદોલનો ફાટી નીકળ્યા છે. એ જોતાં ટ્રમ્પની આ ટેરિફ લડાઈ બહુ ટકે એમ નથી. ટ્રમ્પે પારોઠનાં પગલાં ભરવા જ પડશે. હાલ ૯૦ દિવસ માટે પીછેહઠ કરી છે પણ બહુ સંભવ છે કે એમને કાયમી પીછેહઠ કરવી પડશે અને ત્યારે એમની શું આબરૂ રહેશે ? જો કે બદનામ ટ્રમ્પને આમ તો આબરૂ સાથે વધુ લેવાદેવા નથી પરંતુ અમેરિકાના પ્રમુખ તરીકે ચોક્કસ પણે સમગ્ર અમેરિકાને આંચકો જરૂર લાગશે. અમેરિકન રાષ્ટ્રપતિ કદાચ હવે સમજવા લાગ્યા છે કે તેમની વ્યૂહરચના બહુ અસરકારક સાબિત થવાની નથી. કદાચ એટલા માટે જ હવે વાટાઘાટોની શક્યતા શોધવામાં આવી રહી છે. સત્તા સંભાળ્યા પછી તેમણે જે રીતે વિશ્વના તમામ દેશોને ધમકી આપી અને પછી પરસ્પર ટેરિફ લાદ્યા, તેનાથી તેમને કદાચ વિશ્વાસ હતો કે બધા દેશો તેમની સામે શરણાગતિ સ્વીકારશે અને અમેરિકાની અર્થવ્યવસ્થા ઝડપથી વિકાસ પામવા લાગશે. પરંતુ તેમણે પરસ્પર ટેકસ લાદતાંની સાથે જ સમગ્ર વિશ્વમાં વિરોધ શરૂ થઈ ગયો.

બજારો નીચે તરફ જવા લાગ્યા. ટ્રમ્પને ખુદ અમેરિકામાં અભૂતપૂર્વ વિરોધનો સામનો કરવો પડ્યો. આથી, તેમને તેમની ટેકસ નીતિ બંધ કરવી પડી. તેમણે કેટલાક દેશો ઉપર તેમની ટેરિફ નીતિને નેવું દિવસ માટે મોકૂફ રાખી. જોકે, ચીન સાથેનું તેમનું ટેરિફ યુદ્ધ દરરોજ એક નવો વળાંક લઈ રહ્યું હોય તેવું લાગે છે. હવે ચીને પણ અમેરિકા પર ૧૨૫ ટકાની વળતી ડ્યુટી લાદી છે. છતાં, અમેરિકાને લાગે છે કે ચીન ટૂંક સમયમાં શરણાગતિ સ્વીકારશે અને ટ્રમ્પ સાથે વાટાઘાટોના ટેબલ ઉપર આવશે. પરંતુ ચીને અમેરિકા વિરૂધ્ધ પોતાના પક્ષમાં અન્ય દેશોને એક કરવા માંડ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પની પારસ્પરિક ટેરિફ નીતિથી અમેરિકા પોતે સૌથી વધુ નુકસાન સહન કરી રહ્યું હોય તેવું લાગે છે. ચીને કેટલીક છૂટછાટો સાથે અન્ય દેશોને પોતાના ઉત્પાદનો વેચવાની ઓફર શરૂ કરી દીધી છે. એના બજાર ઉપર બહુ પ્રતિકૂળ અસર થતી હોય તેવું લાગતું નથી. ચીનની નિકાસ ઉપર અસરને કારણે, અમેરિકન બજારમાં મંદી ચોક્કસપણે ફેલાવા લાગી છે. જોકે, ટ્રમ્પે સ્વીકાર્યું કે કેટલીક મોટી સમસ્યાઓ દૂર કરવા માટે કડવી દવાઓ આપવી પડે છે. પરંતુ અમેરિકન નાગરિકો લાંબા સમય સુધી મોંઘવારીનો બોજ સહન કરવાની સ્થિતિમાં નથી. ૧૦ ટકાની બેઝ ડ્યુટી એવા દેશોમાં પણ લાગુ પડે છે જ્યાં પારસ્પરિક ડ્યુટી લાદવાની તારીખ નેવું દિવસ માટે મુલતવી રાખવામાં આવી છે. આના કારણે ત્યાં મોંઘવારી વધી રહી છે. જો ટ્રમ્પ પોતાના વલણ ઉપર અડગ રહે અને ૯૦ દિવસ પછી પારસ્પરિક ટેરિફ લાદે, તો અન્ય દેશો પણ આવું જ કરવા તૈયાર છે. યુરોપિયન યુનિયન પણ આ નિર્ણયની વિરૂધ્ધ્ છે અને તેણે તેના વળતા ટેરિફની તારીખ નેવું દિવસ માટે મુલતવી રાખી છે. આ રીતે, ટ્રમ્પને તેમના પોતાના સાથીઓ તરફથી ભારે વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. ટ્રમ્પની પારસ્પરિક ટેરિફ નીતિ વિશ્વ વેપાર સંગઠનની નીતિઓનું સૌથી વધુ ઉલ્લંઘન કરી રહી છે. તો WTOએ ટ્રમ્પના આ પગલા સામે સખત વાંધો પણ વ્યક્ત કર્યો છે. વિશ્વ વેપાર સંગઠનની રચના એ હેતુથી કરવામાં આવી હતી કે વિશ્વના દેશો સરળ નિયમો અને શરતો હેઠળ વેપાર કરી શકે. તેમાં, ગરીબ દેશોને ટેરિફમાં છૂટછાટ આપવાની અપેક્ષા રાખવામાં આવી હતી અને સમૃદ્ધ દેશોને ટેરિફનો અમુક ભાગ સહન કરવાની અપેક્ષા રાખવામાં આવી હતી. આ જ નીતિ હેઠળ, અમેરિકાને ગરીબ દેશોમાંથી આયાત થતી વસ્તુઓ પર ડ્યુટી ચૂકવવી પડતી હતી. ટ્રમ્પે તે નિયમને બાયપાસ કર્યો છે. આ રીતે, સમગ્ર વિશ્વની સપ્લાય ચેઈન પ્રભાવિત થશે અને વાણિજય અને વેપારના નવા સમીકરણો રચાશે, જેના કારણે વેપાર યુદ્ધનો ખતરો વધુ ઘેરો બનશે. પરંતુ આર્થિક નિષ્ણાતોને વિશ્વાસ છે કે જે રીતે ટ્રમ્પના પગલાં ડગમગવા લાગ્યા છે, તે જોતાં તેમને પોતાની આ નીતિમાં પીછેહઠ કરવી પડશે એમ અત્યારે તો લાગી રહ્યું છે.

## 'આધુનિક યુગના જિન્નાહ' : મુર્શિદાબાદ હિંસા ઉપર મૌન રહેવા બદલ ભાજપે મમતા ઉપર નિશાન સાધ્યુ



નવી દિલ્હી, તા.૧૬

ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને 'આધુનિક જિન્નાહ' ગણાવ્યા અને દાવો કર્યો કે તેમના પક્ષના કાર્યો ૧૯૪૦ના દાયકામાં મુસ્લિમ લીગ જેવા છે. મુર્શિદાબાદમાં હિંસક વિરોધ પ્રદર્શનમાં ત્રણ લોકોના મૃત્યુ ઉપર મમતાના મૌનની નિંદા કરતા, ભાજપના નેતા તરુણચુઘે ટીએમસીની આગેવાની હેઠળની સરકાર ઉપર લઘુમતી તુષ્ટિકરણના નામે હિન્દુઓની સુરક્ષા સાથે સતત સમાધાન કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, જિન્ના જે કરી રહ્યા હતા તે મમતા બેનરજી કરી રહ્યા છે. આજે, તેમની છબી આધુનિક જિન્ના તરીકે સ્થાપિત થઈ છે અને તેમનો પક્ષ મુસ્લિમ લીગનું કામ કરી રહ્યો છે. આજની ઘટનાઓ ૧૯૪૦ના દાયકામાં મુસ્લિમ લીગના કાર્યો જેવી છે. તે સમયે પણ સત્તામાં રહેલા લોકોએ આંખો ઉપર પટ્ટી બાંધી હતી. મુર્શિદાબાદમાં વકફ હિંસામાં ત્રણ લોકોના મોત થયા પછી પણ મમતા બેનરજીનું રહસ્યમય મૌન શરમજનક, અત્યંત નિંદનીય અને પીડાદાયક છે. મમતા સરકાર લઘુમતી તુષ્ટિકરણના નામે હિન્દુઓની સુરક્ષા સાથે સતત સમાધાન કરી રહી છે. આ દરમ્યાન ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ પશ્ચિમ બંગાળ સરકાર ઉપર 'રાજ્ય-પ્રાયોજિત, રાજ્ય-સંરક્ષિત અને રાજ્ય-પ્રોત્સાહિત હિન્દુઓ સામે લક્ષિત હિંસા'ને સક્ષમ બનાવવાનો આરોપ લગાવતા કહ્યું કે, બંગાળ સળગી રહ્યું છે અને મમતા બેનરજીની સરકાર આ માટે સંપૂર્ણપણે જવાબદાર છે. આ રાજ્ય-પ્રાયોજિત, રાજ્ય-સંરક્ષિત, રાજ્ય-પ્રોત્સાહિત હિન્દુઓ વિરૂદ્ધ લક્ષિત હિંસા છે. હિન્દુઓને સ્થળાંતર કરવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે અને મંદિરોમાં મૂર્તિઓ તોડી પાડવામાં આવી રહી છે. અમે એ પણ જોયું કે કેવી રીતે ભગવો ધ્વજ ઉતારવામાં આવ્યો હતો. આ સ્વામી વિવેકાનંદની ભૂમિમાં થઈ રહ્યું છે. અમે જોયું કે હિન્દુ ઘરોને આગ લગાવવામાં આવી રહી છે, અને પસંદગીપૂર્વક, તેમની દુકાનોને આગ લગાવવામાં આવી રહી છે. જે રીતે હિન્દુઓને હેરાન કરવામાં આવી રહ્યા છે, મમતા બેનરજીને શરમ આવવી જોઈએ કે તેઓ હજુ પણ તુષ્ટિકરણ કરે છે. પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં લાગુ કરાયેલા વકફ સુધારા કાયદા સામે મુર્શિદાબાદમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા. પ્રદર્શનો હિંસક બન્યા અને જિલ્લામાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે. પોલીસના એક નિવેદન મુજબ, પશ્ચિમ બંગાળ પોલીસે કુલ ૧૫૦ લોકોની ધરપકડ કરી છે અને સમસેરગંજ, ધુલિયાં અને અન્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં વ્યવસ્થા જાળવવા માટે પૂરતા પ્રમાણમાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યા છે. કલકત્તા હાઈકોર્ટની એક ખાસ બેન્ચે વ્યાપક હિંસાને ધ્યાનમાં રાખીને મુર્શિદાબાદમાં 'તાત્કાલિક' કેન્દ્રીય દળો તૈનાત કરવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે મમતા સરકાર અને કેન્દ્ર બંનેને પરિસ્થિતિ અંગે વિગતવાર અહેવાલો રજૂ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. આ મામલાની વધુ સુનાવણી ૧૭ એપ્રિલે થવાની છે. વિપક્ષ વકફ કાયદાનો વિરોધ કરી રહ્યું છે, ત્યારે ભાજપે 'વકફ સુધારા જાગૃતિ અભિયાન' શરૂ કર્યું છે, જે ૨૦ એપ્રિલથી ૫ મે સુધી ચાલશે. આ પહેલ મુસ્લિમ સમુદાયને વકફ કાયદાના ફાયદાઓ જણાવશે.

## ૧ મેથી ATMમાંથી પૈસા ઉપાડવા વધુ ખર્ચાળ થશે

**RBIએ જારી કરેલા પરિપત્ર દ્વારા ATM ઉપાડ ઉપર ઈન્ટરચેન્જ ફીની ટોચમર્યાદા હટાવી દીધી, ઈન્ટરચેન્જ ફી એ રકમ છે જે એક બેંક ATM વ્યવહારોને સરળ બનાવવા માટે બીજી બેંકને ચૂકવે છે**

નવી દિલ્હી, તા.૧૬

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ જારી કરેલા પરિપત્રમાં ATM ઉપાડ ઉપર ઈન્ટરચેન્જ ફીની ટોચમર્યાદા હટાવી દીધી છે, અને જણાવ્યું છે કે આ ફેરફાર ૧ મે, ૨૦૨૫થી અમલમાં આવશે. પરિપત્ર મુજબ, ગ્રાહકો જે બેંકમાં ખાતું ધરાવે છે તેના ATMમાંથી દર મહિને પાંચ મફત વ્યવહારો માટે પાત્ર રહેશે. અન્ય બેંકોના ATM માટે, આ મર્યાદા મેટ્રો સેન્ટરોમાં ત્રણ અને નોન-મેટ્રો સેન્ટરોમાં પાંચ વ્યવહારો હશે. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'મફત વ્યવહારો ઉપરાંત, ગ્રાહક પાસેથી પ્રતિ વ્યવહાર મહત્તમ ૨૩ રૂપિયા ફી વસૂલવામાં આવી શકે છે,'. RBIએ જણાવ્યું હતું કે, આ નિર્દેશ ચુકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમ, ૨૦૦૭ (૨૦૦૭નો અધિનિયમ ૫૧)ની કલમ ૧૮ સાથે વાંચીને કલમ ૧૦(૨) હેઠળ જારી કરવામાં આવ્યો હતો. ઉપાડ ઉપર ઈન્ટરચેન્જ ફી એ રકમ છે જે એક બેંક બીજી બેંક દ્વારા ATM વ્યવહારોને સરળ બનાવવા માટે ચૂકવવામાં આવે છે. આ ફી ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવે છે. જારી કરાયેલા પરિપત્રમાં RBIએ જણાવ્યું હતું કે તેણે જૂન ૨૦૧૯માં ઈન્ડિયન બેંકસ એસોસિએશનના ચીફ એક્ઝિક્યુટિવની અધ્યક્ષતામાં ATM ચાર્જ અને ફીના 'સમગ્ર શ્રેણીની સમીક્ષા' માટે એક સમિતિની રચના કરી હતી. સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણોની તપાસ કરવામાં આવી હતી અને ATM ઉપાડ અને બિન-નાણાકીય વ્યવહારો ઉપર ઈન્ટરચેન્જ ફીની ટોચમર્યાદા વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઓગસ્ટ ૨૦૨૧માં તમામ કેન્દ્રોમાં નાણાકીય વ્યવહારો માટે ટોચમર્યાદા ૧૫ રૂપિયાથી વધારીને ૧૭ રૂપિયા અને બિન-નાણાકીય વ્યવહારો માટે ૫ રૂપિયાથી વધારીને ૬ રૂપિયા કરવામાં આવી હતી. જારી કરાયેલા પરિપત્રમાં જણાવાયું છે કે,'વધુ ઈન્ટરચેન્જ ફી અને ખર્ચમાં સામાન્ય વધારાને ધ્યાનમાં રાખીને, બેંકોને ગ્રાહક ચાર્જ પ્રતિ વ્યવહાર ૨૧ રૂપિયા કરવાની મંજૂરી છે.




## બંગાળ વિધાનસભાની ચૂંટણી ૨૦૨૬ રાષ્ટ્રપતિ શાસન હેઠળ યોજવી જોઈએ : સુવેન્દુ અધિકારી

(એજન્સી) તા.૧૬

ભાજપના વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારીએ માંગ કરી હતી કે ૨૦૨૬ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી રાષ્ટ્રપતિ શાસન હેઠળ યોજવામાં આવે. મુર્શિદાબાદ જિલ્લામાં તાજેતરની હિંસા બાદ કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે ભાંગી પડી હોવાનો આરોપ લગાવ્યો છે. અધિકારીએ કહ્યું કે મુર્શિદાબાદના સુતી, ધુલિયન, જાંગીપુર અને શમશેરગંજ સહિત કેટલાક ભાગોમાં ચાલી રહેલી અશાંતિએ નાગરિકોનું રક્ષણ કરવામાં અને શાંતિ જાળવવામાં રાજ્ય સરકારની અસમર્થતા દર્શાવે છે. તેમણે દાવો કર્યો કે ટોળાએ તોડફોડ કરી ત્યારે શાસક સરકાર 'મૂક પ્રેક્ષક' બની રહી છે. તેમણે કહ્યું કે, જ્યાં પણ હિન્દુઓ લઘુમતીમાં હોય, તેમને મતદાન કરવાથી રોકવામાં આવે છે. પોલીસ શાસક પક્ષના કાર્યકરોની જેમ વર્તે છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે, વિધાનસભાની ચૂંટણીઓ રાષ્ટ્રપતિ શાસન હેઠળ થવી જોઈએ. તાજેતરની હિંસા પાછળ 'જેહાદી તત્વો' હોવાનો આરોપ લગાવતા અધિકારીએ કહ્યું કે, અમે તેમનો સામનો કરવા તૈયાર છીએ. ચૂંટણી પંચે ચૂંટણી પહેલા રાજયમાં રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરવાનું વિચારવું જોઈએ. હિંસાથી પ્રભાવિત સેંકડો લોકોએ ભાગીરથી નદી પાર કરીને પડોશી માલદા જિલ્લામાં આશ્રય લીધો હોવાના અહેવાલ છે. સ્થાનિક વહીવટીતંત્રે વિસ્થાપિત પરિવારોને આશ્રય અને ખોરાક પૂરો પાડ્યો છે, તેમને શાળાઓમાં રાખ્યા છે અને બોટ દ્વારા આવનારાઓને મદદ કરવા માટે સ્વયંસેવક ટીમો બનાવી છે. વકફ (સુધારા) કાયદા સામે હિંસક વિરોધ પ્રદર્શનોથી અશાંતિ શરૂ થઈ હતી, જે અથડામણમાં પરિણમી હતી, જેમાં ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી આવેલા દ્રશ્યોમાં દુકાનો, ઘરો અને હોટલોના બળી ગયેલા અવશેષો દેખાતા હતા. ભાજપના આરોપો ઉપર પ્રતિક્રિયા આપતા, વરિષ્ઠ ટીએમસી નેતા અને રાજ્ય મંત્રી ફિરહાદ હકીમે કહ્યું કે, લોકો બંગાળમાં સ્થળાંતર કરી રહ્યા છે, રાજ્ય છોડીને ભાગી રહ્યા નથી.

## ફેસઆઈડી, QR કોડ સ્કેનર જેવી સુવિધાઓ અને નવા લાભ સાથે નવી આધાર એપ લોન્ચ કરતી સરકાર



નવી દિલ્હી, તા.૧૬

ડિજિટલ સુવિધા અને ગોપનીયતા તરફ એક મોટા પગલામાં, કેન્દ્રએ એક નવી આધાર એપ લોન્ચ કરી છે જે વપરાશકર્તાઓને તેમના આધાર વિગતો ડિજિટલ રીતે ચકાસવા અને શેર કરવાની મંજૂરી આપે છે અને ભૌતિક કાર્ડ રાખવાની અથવા ફોટોકોપી સબમિટ કરવાની જરૂરિયાતને દૂર કરે છે. આ એપને રાષ્ટ્રીય રાજધાનીમાં કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવી હતી. ડિજિટલ નવીનતાના મહત્વ ઉપર પ્રકાશ પાડતા, મંત્રીએ એપને આધાર વેરિફિકેશનને સરળ, ઝડપી અને વધુ સુરક્ષિત બનાવવાના પગલા તરીકે વર્ણવ્યું. વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X ઉપર પોસ્ટ કરેલા એક વિડીયો સંદેશમાં જણાવ્યું હતું કે, 'નવી આધાર એપ, મોબાઈલ એપ દ્વારા ફેસ આઈડી ઓથેન્ટિકેશન. કોઈ ભૌતિક કાર્ડ નહીં, કોઈ ફોટોકોપી નહીં,'. તેમણે જણાવ્યું કે એપ વપરાશકર્તાઓને સુરક્ષિત ડિજિટલ માધ્યમો દ્વારા અને હંમેશા તેમની સંમતિથી જરૂરી ડેટા શેર કરવાની સત્તા આપે છે. તેમણે કહ્યું કે, 'હવે ફક્ત એક ટેપથી, વપરાશકર્તાઓ ફક્ત જરૂરી ડેટા શેર કરી શકે છે, જે તેમને તેમની વ્યક્તિગત માહિતી ઉપર સંપૂર્ણ નિયંત્રણ આપે છે,'. આ એપ્લિકેશનની એક વિશિષ્ટ વિશેષતા ફેસ આઈડી પ્રમાણીકરણ છે, જે સુરક્ષા વધારે છે અને ચકાસણીને સરળ બનાવે છે. આધાર ચકાસણી હવે ફક્ત ઊઈ કોડ સ્કેન કરીને કરી શકાય છે, જે UPI ચુકવણી કરવા જેવું છે. મંત્રીએ X ઉપર લખ્યું કે,'આધાર ચકાસણી UPI ચુકવણી કરવા જેટલું સરળ બની ગઈ છે. વપરાશકર્તાઓ હવે તેમની ગોપનીયતા સુનિશ્ચિત કરતી વખતે ડિજિટલી તેમની આધાર વિગતો ચકાસી અને શેર કરી શકે છે,'. આ નવી સિસ્ટમ સાથે, લોકોને હવે હોટલ, દુકાનો, એરપોર્ટ અથવા અન્ય કોઈપણ ચકાસણી બિંદુઓ પર તેમના આધાર કાર્ડની પ્રિન્ટેડ નકલો સોંપવાની જરૂર રહેશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, "હોટલ રિસેપ્શન, દુકાનો અથવા મુસાફરી દરમ્યાન આધાર ફોટોકોપી સોંપવાની જરૂર નથી." આ એપ્લિકેશન, જે હાલમાં તેના બીટા પરીક્ષણ તબક્કામાં છે, તેને મજબૂત ગોપનીયતા સુરક્ષા સાથે ડિઝાઈન કરવામાં આવી છે. તે ખાતરી કરે છે કે આધાર વિગતો બનાવટી, સંપાદિત અથવા દુરુપયોગ ન થઈ શકે. માહિતી સુરક્ષિત રીતે અને ફક્ત વપરાશકર્તાની પરવાનગીથી શેર કરવામાં આવે છે. આધારને ઘણી સરકારી પહેલોનો 'આધાર' (પાયો) ગણાવતા, વૈષ્ણવે ભારતના ડિજિટલ ભવિષ્યને આકાર આપવામાં AI અને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI)ની ભૂમિકા ઉપર પણ ભાર મૂક્યો. તેમણે હિસ્સેદારોને DPI સાથે કૃત્રિમ બુદ્ધિ (AI)ને સંકલિત કરવાના રસ્તાઓ સૂચવવા આમંત્રણ આપ્યું જેથી વધુ વૃદ્ધિ થઈ શકે અને સાથે સાથે ગોપનીયતાને પણ મુખ્ય સ્થાને રાખી શકાય.

## ગુજરાત બોર્ડ ધો.૧૦-૧૨નું પરિણામ વહેલું જાહેર કરવાનો સરકારનો સંકેત

અમદાવાદ, તા.૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામ વહેલા જાહેર થાય તેવી શક્યતા વર્તાઈ રહી છે. બોર્ડની પરીક્ષાના પરિણામને લઈને શિક્ષણ મંત્રીએ પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'ગત વર્ષની જેમ આ વર્ષે પણ પરિણામ વહેલા જાહેર થઈ શકે છે. મે મહિનાની શરૂઆતમાં બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થવાની શક્યતા.' રાજ્યમાં બોર્ડના પરીક્ષાના પરિણામને લઈને શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, 'ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા વહેલી લેવામાં આવી હોવાથી પરિણામ પણ વહેલા જાહેર થવાની શક્યતા છે. આ માટે બોર્ડનો સ્ટાફ મહેનત કરી રહ્યો છે, ત્યારે આગામી મે મહિનાના પહેલા અઠવાડિયામાં ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થવાની શક્યતા છે.

## પૂર્વ ધારાસભ્ય ધીરૂ ગજેરાએ શહેરી વિસ્તારમાં હેલ્મેટનો કાયદો રદ કરવા મુખ્યમંત્રીને પત્ર લખ્યો

સુરત, તા.૧૬

એપ્રિલ મહિનામાં જ રાજયભરના લોકો મે મહિના જેવી ગરમી અનુભવી રહ્યા છે. સતત આગ ઝરતી ગરમીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. અસહ્ય ઉકળાટ અને ગરમીથી લોકો ત્રસ્ત થઈ ગયા છે. એક તરફ ગરમીમાં ઘરની બહાર નીકળવું લોકોના આરોગ્ય માટે જોખમી છે ત્યારે હેલ્મેટ પહેરીને વાહન ચલાવવું સ્વાસ્થ્ય માટે જોખમી પુરવાર થવાની શક્યતા છે. સતત ટ્રાફિક સિગ્નલો ઉપર હેલ્મેટ પહેરીને વાહન ચાલકો ઉભા રહી શકે તેવી સ્થિતિમાં નથી. ત્યારે મુખ્યમંત્રીને હેલ્મેટના કાયદાને લઈને નારાજગી વ્યક્ત કરતો પત્ર પૂર્વ ધારાસભ્ય ધીરૂ ગજેરાએ લખ્યો છે. પૂર્વ ધારાસભ્યએ પત્રમાં લખ્યું છે કે પ્રજા માટે સિટી વિસ્તારમાં હેલ્મેટ આરોગ્ય માટે જોખમરૂપ છે કારણ કે બપોરના સમયમાં ૪૦-૪૫ ડીગ્રીમાં શહેરના કોઈપણ ભાગમાં જવું હોય તો ૩૦૦થી ૪૦૦ મીટરના સિગ્નલ પાસ કરવા પડે અને આ ગરમીમાં પ્રજા માટે જોખમ છે. કોઈપણ મગજના ડોકટરોનો અભિપ્રાય લો તો કહેશે સિટી વિસ્તારમાં હેલ્મેટ જોખમ છે. પ્રજાની સુરક્ષાની વાતો કરનારા વ્યક્તિ એ.સી. ચેમ્બરમાં બેસીને નિર્ણય લે છે એક વખત જાત અનુભવ કરી આ ગરમીમાં શહેરમાં ફરે તો ખ્યાલ આવે. પૂર્વ ધારાસભ્ય ધીરુ ગજેરાએ જણાવ્યું કે પ્રજા માટે હેલ્મેટ, ખાડાઓ, રસ્તાની સાઈડ ઉપર કચરાના ઢગલાઓ અને ગટર સમસ્યારૂપ છે. પ્રજા હેલ્મેટમાં લુટાઈ છે અને ગરમીમાં પણ બીમારીનો ભોગ બનશે. જેથી મારી અપીલ છે કે આપ આ નિર્ણય માટે ફેરવિચાર કરીને સિટી વિસ્તારમાંથી હેલ્મેટમાંથી મુક્તિ આપો. પ્રજા મંદિર જાય ત્યારે, લગ્ન પ્રસંગમાં શ્રદ્ધાંજલિમાં સ્કૂલોમાં, ક્યાક્યા સાચવે અને ઘણીવાર ગાડીઓ ઉપરથી ચોરાઈ પણ જાય છે. જેથી પ્રજાને પણ મારી અપીલ છે કે આપના વિસ્તારના એમ.પી., ધારાસભ્ય તેમજ આગેવાનો પણ પત્ર લખીને રજૂઆત કરો. સરકાર આ કાયદા માટે બિલ લાવી અથવા વટહુકમથી રદ કરે એવી મારી અપીલ છે.

## મીઠાના ભાવમાં ૪૦ ટકાનો ઘટાડો નોંધાતા વેપારીઓ અને અગરિયાઓની હાલત કફોડી

સુરેન્દ્રનગર, તા.૧૬

ગુજરાતના ગૌરવ સમા મીઠા ઉદ્યોગના ભાવમાં ગત વર્ષ કરતા ૪૦ ટકાનો ઘટાડો નોંધાતા વેપારીઓની સાથે અગરિયાની હાલત કફોડી બની છે. આથી દેશનું ૮૨ ટકા મીઠું પકવતો એક સમયનો ગુજરાતનો ગૌરવ સમો મીઠા ઉદ્યોગ હાલ મરણ પથારીએ છે. કચ્છના નાના રણમાં મીઠું પકવતા અગરીયા સમુદાયના લલાટે આજેય સર્વે નંબર શૂન્ય છે. દેશના કુલ ઉત્પાદનનું ૮૨ ટકા મીઠું એકમાત્ર ગુજરાતમા પાકે છે. એમાંથી ૩૫ ટકા મીઠું તો એકમાત્ર સુરેન્દ્રનગર જિલ્લામાં પાકે છે. સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા, ઝીંઝુવાડા, કુડા અને હળવદ રણમાં દર વર્ષે અંદાજે ૩૫ લાખ મેટ્રિક ટન મીઠાનું ઉત્પાદન થાય છે અને કચ્છના નાના રણમાં અંદાજે ૪,૦૦૦થી ૫,૦૦૦ અગરીયા પરિવારો મીઠું પકવવાનું કામ કરે છે. આ તમામ અગરિયાઓ પોતાના પરિવારજનો સાથે દર વર્ષે ઓક્ટોબરથી મે માસ એમ વર્ષના ૮ મહિના પોતાના બાવડાના જોરે મજૂરી દ્વારા સફેદ મીઠું પકવી લોકોનું ભોજન સ્વાદિષ્ટ બનાવે છે. મીઠા ઉદ્યોગના ભાવમાં ગત વર્ષ કરતા ૪૦%નો ઘટાડો નોંધાતા વેપારીઓની સાથે અગરિયાઓની હાલત કફોડી બની છે. હાલ રણમાંથી મીઠું ખેંચવાની સિઝન પૂરજોશમાં ચાલી રહી છે, ત્યારે એક સમયનો ગુજરાતનો ગૌરવ સમો મીઠા ઉદ્યોગ હાલ મરણ પથારીએ છે.

### ભારતમાં રેલ્વે યુગના મંડાણ થયાનો ચિર સ્મરણીય ઐતિહાસિક દિવસ

# ૧૬ એપ્રિલ ૧૮૫૩ ના રોજ ભારતમાં પ્રથમ રેલ્વે પેસેન્જર ટ્રેન બોરીબંદર અને થાણે વચ્ચે દોડી હતી







(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૬

૧૬ એપ્રિલ, ૧૮૫૩ એ ભારતના રેલ્વેના ઈતિહાસનો ઐતિહાસિક દિવસ છે. તે દિવસે ભારતમાં પ્રથમ રેલ્વે ટ્રેન બોરીબંદર જે હાલનું છત્રપતિ શિવાજી ટર્મીનશ રેલ્વે સ્ટેશનથી મહારાષ્ટ્રના થાણે સુધી ટ્રેન દોડી હતી. ૧૪ ડબ્બાની આ ટ્રેન હતી અને ૩૪ કિ.મી.નું અંતર હતું જે ત્રણ એન્જીનો દ્વારા દોડી હતી જેમાં ૪૦૦ પેસેન્જરો હતા અને સફર એક કલાક ૧૫ મિનીટનો હતો. બપોરે ૩.૩૦ વાગ્યે જયારે ટ્રેન ઉપડી ત્યારે તેને ૨૧ તોપોની સલામી અપાઈ હતી. આ પ્રથમ ટ્રેનમાં ટોઈલેટ ન હતું.

સોમનાથ-સોરઠ, વેરાવળ વિસ્તારમાં રલ્વેનો આ રીતે પ્રારંભ થયો હતો. જેમાં વેરાવળ-જૂનાગઢ ૫૧.૧૩ માઈલ તા.૧-૨-૧૮૮૯, જૂનાગઢ-જેતલસર ૧૬ માઈલ તા.૧-૯-૧૮૮૮, વેરાવળ -તાલાળા ૧૪.૭૦ માઈલ તા.૨-૪-૧૯૧૮, તાલાળા -જાંબુર ૪.૮૬ માઈલ તા.૧૭-૩-૧૯૨૦, જાંબુરથી પ્રાચીરોડ ૭.૬૪ માઈલ તા.૧૩-૧૧-૧૯૨૮, પ્રાચીરોડ-જામવાળા ૭.૦૫ માઈલ તા.૧૮-૪-૧૯૩૨, જામવાળા-દેલવાડા ૨૪.૨૨ માઈલ તા.૧૦-૧-૧૯૩૫, વેરાવળ-સોમનાથ (બ્રોડગેજ) ૩.૬૭ કિ.મી. તા.૧૬-૧૦-૨૦૦૮, શાપુર-માણાવદર ૧૫.૮૬ માઈલ તા.૧૫-૨-૧૯૧૦, માણાવદર-બાંટવા ૩.૪૫ માઈલ તા.૨૫-૧૨-૧૯૧૦, બાંટવા-સરાડીયા ૭ માઈલ તા.૧૫-૫-૧૯૧૫, જૂનાગઢ-બિલખા ૧૩.૬૪ માઈલ તા.૨૦-૫-૧૯૧૨, બિલખા-વિસાવદર૧૨.૯૨ માઈલ તા.૧૫-૨-૧૯૧૩, વિસાવદર-ધારી ૧૯.૪૯ માઈલ તા.૧૫-૧૨-૧૯૩૨ ના દિવસે શરૂ થયેલ હતી.

**સોમનાથ રેલ્વે:**

સોમનાથના ભાસ્કર વૈદ્ય કહે છે કે, નવાબીના સમયમાં વેરાવળ-પાટણ વચ્ચે રેલ્વે જેવાજ પાટા હતા. પણ તે પાટા ઉપ્ર ટ્રેન નહોતી દોડતી પણ ટ્રામ-ટ્રોલી કે જે ઘોડાથી ચાલતી હતીતે દોડતી હતી. જેનો ટીકીટનો દર હતો માત્ર એક આનો ને બે પૈસા. ૧૯૫૧ માં જયારે તત્કાલીન રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદ સોમનાથ જયોર્તીલીંગ પ્રાણપ્રતિષ્ઠા અર્થે આવ્યા ત્યારે હાલના ભાલકા મંદિર પાસે હંગામી રેલ્વે સ્ટેશન બનાવાયું હતું.

૧ ફેબ્રુઆરી, ૧૯૮૯ ના રોજ જૂનાગઢથી વેરાવળ સુધી લંબાવાઈ તે સમયે રેલ્વેનું ટીકીટ ભાડું વેરાવળથી આદ્રી રોડના એક આનો ચોરવાડ સુધીના બે આના, ભંડુરી ત્રણ આના, માળીયા હાટીના ચાર આના, કેશોદ ૬ આના, લુશાળા ૮ આના, શાપુર દશ આના, વડાલના ૧૪ આના અને છેલ્લી હદ ચોકી હતી જેનું ભાડુ એક રૂપિયો હતો.

દેશના તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈ તેની રમુજ શૈલીના પ્રવચનો માટે જાણીતા છે. તેઓ જયારે સોમનાથ મંદિર સુવર્ણ મહોત્સવ પ્રસંગે સોમનાથ આવ્યા ત્યારે તેમણે સંબોધનમાં કહયું હતું કે, જો રેલ્વે અહીં હોત તો અડવાણીજીએ સોમનાથ-અયોધ્યા સુધી રથયાત્રા રથમાં કાઢવી પડી ન હોત પરંતુ હું વચન આપું છું કે હવે પછી રથયાત્રા અહીં બ્રોડગેજ રેલ્વે મળશે. અને વેરાવળ રેલ્વે સ્ટેશન બ્રોડગેજ પાટા બિછાવવાનું શરૂ થયું અને વેરાવળ-સોમનાથ વચ્ચે બ્રોડગેજ રેલ્વેલાઈન શિલારોપણ તત્કાલીન ભારતના નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી અને કેન્દ્રીય રેલ્વે મંત્રી નિતીશકુમારને વરદહસ્તે ૪ ઓગષ્ટ ૨૦૦૨ના થયું. સોરઠની આ રેલ્વેમાં ૧૩ નવેમ્બર, ૧૯૪૭ના રોજ ભારતના તત્કાલીન નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે પણ મુસાફરી કરી છે જેઓ જૂનાગઢથી ખાસ સલુનમાં વેરાવળ આવ્યા હતા. તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી જેતલસરથી વેરાવળ જતી ટ્રેનમાં જૂનાગઢ રેલ્વે સ્ટેશને થોડો સમય રોકાયા હતા તેમ ઈતિહાસકારો કહે છે.

સોમનાથના પ્રથમ અને નવા રેલ્વે સ્ટેશનનું ઉદ્‌ઘાટન તત્કાલીન રેલ્વે પ્રધાન લાલુપ્રસાદ યાદવના હસ્તે તા.૧૬-૧૦-૨૦૦૮ ના રોજ થયેલ હતું. જો કે તે રેલ્વે સ્ટેશનનું હાલ વિસર્જન થયેલ છે અને નવું બની રહેલ છે અને સોમનાથ રેલ્વે સ્ટેશન ત્રણ વર્ષથી બંધ છે. લાલુપ્રસાદ યાદવ સાથે તેમના પત્ની રાબડી દેવી અને પુત્રીઓ આ સમારોહમાં તે કાળમાં ઉપસ્થિત રહયા હતા. સોમનાથથી પ્રથમ ટ્રેન પ્રસ્થાનમાં ૪૬ ટિકીટ ઈશ્યુ થઈ હતી અને રૂા.૪૪૮૬ની રેલ્વેને આવક થઈ હતી.

# દેલવાડામાં સોમેશ્વર મહાદેવ મંદિરનાં સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરાશે




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૬

ઉના તાલુકાના દેલવાડા ગામે શ્યામનગર ખાતે આવેલા શ્રી સોમેશ્વર મહાદેવ મંદિર સ્થાપનાને ત્રણ વર્ષ પુર્ણ થતા હોય આ પ્રસંગે શ્રી સોમેશ્વર યુવક મંડળ, સોમેશ્વર મહિલા ધુન મંડળ, રામદેવજી મહારાજ યુવક મંડળ, સિતારામ ગૃપ તથા સમસ્ત દેલવાડા શ્યામનગર હિન્દુ સમાજ દ્વારા સોમેશ્વર મહાદેવ મંદિરના સ્થાપના દિનની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત આગામી તા.૩/૫/૨૦૨૫થી ૧૧/૫/૨૦૨૫ સુધી શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ સપ્તાહ તથા તા.૧૨/૫/૨૦૨૫ ના રોજ પાટોત્સવ યજ્ઞ રાખવા આવેલ છે. આ સપ્તાહ દરમિયાન પોથીયાત્રા, પોથી પુજન, શિવ વિવાહ, ચંડમુડ સહિતના કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે દરરોજ રાત્રે વિવિધ ધુન મંડળની ધુનની રમઝટ તથા ભજન કીર્તન મંડળોના કીર્તન રાસ ગરબા સંતવાણી ડાયરાનું અનેરૂં આયોજન કરવામાં આવ્યું છે. શ્રી શિવપુરાણ સપ્તાહ આંતરરાષ્ટ્રીય વકતા કાળુબાપુ અમદાવાદ વાળાની અમૃત વાણીના વ્યાસાસને રાખવામાં આવેલ છે તથા સપ્તાહ દરમિયાન દરરોજ ભોજન પ્રસાદ નુ અનેરૂં આયોજન પણ રાખવામાં આવ્યું છે. તા.૧૨/૫/૨૦૨૫ ના રોજ પાટોત્સવ યજ્ઞમાં બીડા હોમ બાદ રાત્રે ગુજરાતના ખ્યાતનામ ભજન આરાધકો અને સાહિત્ય કલાકારોના ભવ્ય સંતવાણી ડાયરાનું આયોજન કરાયું છે. દેલવાડા ગામના શ્યામનગર ખાતે આ શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ સપ્તાહ તથા પાટોત્સવના અનેરા આયોજનમાં રાધે ક્રિષ્ના ગૌ મંદિર તથા જયશ્રી જળદેવી ગરબી મંડળ દ્વારા પણ સહયોગ આપવામાં આવી રહ્યો છે. સાથે સાથે સોમેશ્વર મહાદેવ મંદિર સંચાલન સમિતિએ આ દિવ્ય પ્રસંગે બાર દ્વાદશ જ્યોતિર્લિંગ પ્રદર્શનનું પણ અનોન્ખું આયોજન કરેલ હોય સમસ્ત હિન્દુ સમાજને આ શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ સપ્તાહ તથા પાટોત્સવ યજ્ઞમાં પધારવા તથા ભોજન પ્રસાદ લેવા ભાવભર્યુ જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# ભારત સરકારે મુસ્લિમોની હજજ યાત્રાને ઉચ્ચ પ્રાથમિકતા આપી

નવી દિલ્હી, તા. ૧૬

ભારત સરકાર ભારતીય મુસ્લિમોને વાર્ષિક હજ યાત્રા કરવા માટે ઉચ્ચ પ્રાથમિકતા આપે છે. તે પ્રયાસોના પરિણામે, ભારત માટે કરવામાં આવેલી ફાળવણી જે ૨૦૧૪માં ૧,૩૬,૦૨૦ હતી તે ૨૦૨૫માં ધીમે ધીમે વધીને ૧,૭૫,૦૨૫ થઈ ગઈ છે. આ ક્વોટાને સાઉદી અધિકારીઓ દ્વારા યાત્રાના સમયની નજીક અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે.

ભારતીય હજ સમિતિ દ્વારા લઘુમતી બાબતોનું મંત્રાલય (ર્સ્છ) ભારતને ફાળવવામાં આવેલા મોટાભાગના ક્વોટા માટે વ્યવસ્થાનું સંચાલન કરે છે, જે ચાલુ વર્ષે ૧,૨૨,૫૧૮ છે. ફ્લાઈટ શેડ્યૂલ, પરિવહન, મીના કેમ્પ, રહેઠાણ અને વધારાની સેવાઓ સહિતની તમામ જરૂરી વ્યવસ્થાઓ સાઉદી જરૂરિયાતો અનુસાર આપવામાં આવી છે અને આપેલા સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવી છે.

બાકીના ક્વોટા, રિવાજ મુજબ, ખાનગી ટૂર ઓપરેટરોને ફાળવવામાં આવ્યા હતા. સાઉદી માર્ગદર્શિકામાં ફેરફારને કારણે, આ વર્ષે ર્સ્છ દ્વારા ૮૦૦થી વધુ ખાનગી ટૂર ઓપરેટરોને ૨૬ કાનૂની સંસ્થાઓમાં એકીકૃત કરવામાં આવ્યા છે, જેને કમ્બાઈન્ડ હજ ગ્રુપ ઓપરેટર્સ (ઝઊૅર્ઁ) તરીકે ઓળખવામાં આવે છે. કાયદાકીય પડકારોના સમાધાન માટે ર્સ્છ દ્વારા આ ૨૬ ઝઊૅર્ઁ ને અગાઉથી હજ ક્વોટા ફાળવવામાં આવ્યા હતા. જોકે, યાદ અપાવવા છતાં, તેઓ સાઉદી સત્તાવાળાઓ દ્વારા નિર્ધારિત જરૂરી સમયમર્યાદાનું પાલન કરવામાં નિષ્ફળ ગયા અને સાઉદી નિયમો હેઠળ જરૂરી મીના કેમ્પ, યાત્રાળુઓના રહેઠાણ અને પરિવહન સહિત ફરજિયાત કરારોને અંતિમ સ્વરૂપ આપવામાં નિષ્ફળ ગયા.

ભારત સરકાર આ બાબતે મંત્રી સ્તર સહિત સંબંધિત સાઉદી અધિકારીઓ સાથે સતત વાતચીત કરી રહી છે.



સાઉદી હજ મંત્રાલયે યાત્રાળુઓની સલામતી માટે ખાસ કરીને મીનામાં, પોતાની ચિંતાઓ પર ભાર મૂક્યો. જ્યાં મર્યાદિત જગ્યામાં ઉનાળાની ભારે ગરમીની સ્થિતિમાં હજ વિધિઓ પૂર્ણ કરવાની હોય છે. તેમણે એ પણ ભાર મૂક્યો કે વિલંબને કારણે, મીનામાં ઉપલબ્ધ જગ્યા ભરાઈ ગઈ હતી. સાઉદી અધિકારીઓએ વધુમાં જણાવ્યું છે કે તેઓ આ વર્ષે કોઈપણ દેશ માટે સમયમર્યાદા લંબાવી રહ્યા નથી.

સરકારના હસ્તક્ષેપને કારણે, સાઉદી હજ મંત્રાલયે મીનામાં હાલની જગ્યા ઉપલબ્ધતાના આધારે ૧૦,૦૦૦ યાત્રાળુઓના સંદર્ભમાં તેમનું કાર્ય પૂર્ણ કરવા માટે તમામ ઝઊૅર્ઁ માટે હજ પોર્ટલ (નુસુક પોર્ટલ) ફરીથી ખોલવા સંમતિ આપી છે.

આવું તાત્કાલિક કરવા માટે ઝઊૅર્ઁને ર્સ્છ દ્વારા નિર્દેશો જારી કરવામાં આવ્યા છે. ભારત સ્વાભાવિક રીતે વધુ યાત્રાળુઓને સમાવવા માટે સાઉદી અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા કોઈપણ પગલાની પ્રશંસા કરશે.

### બાળ તસ્કરીના કેસોમાં સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

# જે હોસ્પિટલમાંથી બાળક ચોરી થાય તેનું લાઈસન્સ રદ કરો : સુપ્રીમ કોર્ટ

### કોર્ટે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અને ભારતીય વિકાસ સંસ્થા પાસેથી રિપોર્ટ માંગ્યો

નવી દિલ્હી, તા.૧૬

દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટે બાળ તસ્કરીના કેસોમાં મોટો નિર્ણય આપ્યો છે. હૉસ્પિટલમાંથી નવજાત શિશુની ચોરી થવા મામલે સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવતાં કહ્યું કે, 'જો કોઈ હૉસ્પિટલમાંથી નવજાત શિશુ ચોરાઈ જાય તો સૌ પ્રથમ તે હૉસ્પિટલનું લાઈસન્સ રદ કરો.' કોર્ટે દિલ્હી એનસીઆરમાં નવજાત શિશુઓની તસ્કરી કરતી ગેંગના પર્દાફાશ સાથે સંબંધિત સમાચારની નોંધ લઈને આ ટિપ્પણી કરી છે.

સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશમાં બાળ તસ્કરીના કેસમાં આદેશ આપ્યો છે અને દિલ્હીમાં આ ગેંગની ધરપકડની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો છે. કોર્ટે કહ્યું કે, 'દિલ્હી ગેંગના ખુલાસાની ઘટના ખૂબ જ આઘાતજનક છે અને તેમાં કોર્ટની હસ્તક્ષેપની જરૂર છે.

કોર્ટે દિલ્હી પોલીસ પાસેથી આ અંગેની તપાસનો રિપોર્ટ પણ માંગ્યો છે. આ ઉપરાંત કોર્ટે પોલીસને દિલ્હીની અંદર અને બહાર બાળકોની ચોરી કરતી સક્રિય ગેંગ સામે કાર્યવાહી કરવા માટે દિલ્હી પોલીસ દ્વારા શું પગલાં લેવામાં આવ્યા તે અંગે પણ પૂછ્યું હતું.

કોર્ટે સુઓમોટુ કેસની આગામી સુનાવણી ૨૧ એપ્રિલના રોજ નક્કી કરી છે. જસ્ટિસ જેબી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચ હૉસ્પિટલોમાંથી બાળકોની ચોરીમાં સંડોવાયેલા ગેંગ સાથે સંબંધિત કેસમાં જામીન અરજીની સુનાવણી કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે આ કેસના તમામ આરોપીઓને નીચલી કોર્ટમાં આત્મસમર્પણ કરવા કહ્યું. આ ઉપરાંત સીજેએમ વારાણસી અને એસીજેએમ વારાણસીને બે અઠવાડિયામાં સેશન્સ કોર્ટમાં કેસ નોંધવા અને એક અઠવાડિયાની અંદર ચાર્જ ફ્રેમનો નિર્દેશ આપ્યો હતો.

આ કેસ બાબતે મળતી માહિતી અનુસાર, સુપ્રીમ કોર્ટે મંગળવારના રોજબાળ તસ્કરીના કેસોના સંચાલન અંગે ઉત્તર પ્રદેશ પ્રશાસનની ટીકા કરી હતી અને આવા ગુનાઓને રોકવા માટે રાજ્યોને કડક માર્ગદર્શિકા જારી કરવા આદેશ આપ્યો હતો. બેન્ચે નીચલી અદાલતોને આવા કેસોની સુનાવણી છ મહિનામાં પૂર્ણ કરવાનો પણ આદેશ આપ્યો. અને અધિકારીઓને એવો નિર્દેશ આપ્યો કે, જો કોઈ નવજાત શિશુની તસ્કરી થાય છે તો હૉસ્પિટલોના લાઈસન્સ સસ્પેન્ડ કરવું જોઈએ.

આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે દેશભરની હાઈકોર્ટોને બાળ તસ્કરીના કેસોમાં પેન્ડિંગ કેસોની સ્થિતિ વિશે માહિતી આપવાનો નિર્દેશ આપ્યો છે. ત્યાર બાદ ૬ મહિનામાં ટ્રાયલ પૂર્ણ કરવા અને દૈનિક સુનાવણી હાથ ધરવા નિર્દેશ જારી કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે આ કડક ટિપ્પણી એ કેસની સુનાવણી કરતી વખતે કરી હતી, જેમાં એક તસ્કરી કરાયેલ બાળકને ઉત્તર પ્રદેશના એક દંપતીને સોંપવામાં આવ્યું હતું, જેઓ પુત્ર ઈચ્છતા હતા. જે કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે આરોપીને આગોતરા જામીન આપ્યા હતા.

આરોપીના જામીન રદ કરતાં સુપ્રીમ કોર્ટે કેસને જે રીતે નિપટાવવામાં આવ્યો હતો તેના માટે અલ્હાબાદ હાઈકોર્ટ અને ઉત્તર પ્રદેશ સરકાર બંનેને ઠપકો આપ્યો હતો.

બેન્ચે કહ્યું કે, આરોપીને પુત્ર જોઈતો હતો અને તેણે ૪ લાખ રૂપિયામાં પુત્ર ખરીદ્યો. જો તમને દીકરો જોઈતો હોય તો તમે



તસ્કરી કરેલું બાળક ખરીદી ન શકો. તેમને ખબર હતી કે બાળક ચોરાયેલું છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'હાઈકોર્ટે જામીન અરજીઓ પર આવી કાર્યવાહી કરી જેના કારણે ઘણા આરોપીઓ ફરાર થઈ ગયા. આવા આરોપીઓ સમાજ માટે ગંભીર પેદા કરી શકે છે. જામીન આપતી વખતે હાઈકોર્ટે ઓછામાં ઓછી દર અઠવાડિયે પોલીસ સ્ટેશનમાં હાજર રહેવાની શરત આપવી જોઈતી હતી. પોલીસ બધા આરોપીઓને શોધવામાં નિષ્ફળ રહી છે.'

સરકાર પર કટાક્ષ કરતાં ન્યાયાધીશોએ કહ્યું કે, 'અમે સંપૂર્ણપણે નિરાશ છીએ... કોઈ અપીલ કેમ કરવામાં આવી નહીં? આવા ગંભીર કેસમાં કેમ કોઈ ગંભીરતા દાખવવામાં આવી ન હતી.'

### તુરંત મળશે મહત્ત્વની બેન્કિંગ-ફાઈનાન્સિયલ અપડેટ્સ

# RBI એ નાણાકીય જાગૃત્તિ લાવવા વોટ્સએપ ચેનલ લોન્ચ કરી

### આરબીઆઈ મારફત મહત્ત્વપૂર્ણ બેન્કિંગ અપડેટ તથા નાણાકીય સમાચારોને સરળતાથી લોકો સુધી પહોંચાડવા આ પહેલ હાથ ધરાઈ છે

નવી દિલ્હી, તા.૧૬

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ હાલમાં જ નાણાકીય માહિતી લોકો સુધી સરળતાથી પહોંચાડવા માટે સત્તાવાર ધોરણે વોટ્સએપ ચેનલ લોન્ચ કરી છે.

આરબીઆઈ મારફત મહત્ત્વપૂર્ણ બેક્કિંગ અપડેટ તથા નાણાકીય સમાચારોને સરળતાથી લોકો સુધી પહોંચાડવા આ પહેલ હાથ ધરાઈ છે. જેથી અંતરિયાળ ગામોમાં લોકોને નાણાકીય બાબતોમાં સક્ષમ બનાવી શકાય. દેશભરના લોકો આરબીઆઈ દ્વારા રજૂ કરવામાં આવેલા ક્યુઆર કોડ સ્કેન કરી ચેનલમાં જોડાઈ શકે છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ વોટ્સએપ પર પોતાના વેરિફાઈડ એકાઉન્ટ પરથી મહત્ત્વપૂર્ણ નાણાકીય બાબતો અને માહિતી પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચાડવાની ખાતરી કરી છે. આરબીઆઈ સતત ટેક્સ્ટ મેસેજ, ટીવિ અને ડિજિટલ જાહેરાતો મારફત લોકોને આ મામલે જાગૃત કરવાના પ્રયાસો કરી રહી છે. આ ચેનલનો ઉપયોગ સુરક્ષિત ડિજિટલ ટ્રાન્ઝેક્શન અને છેતરપિંડીથી બચવા માટે જાગૃત્તિ ફેલાવાનો છે.

વધુમાં બેક્કિંગ અધિકારો વિશે જાણકારી અને નીતિઓમાં થયેલા ફેરફાર અંગે સૂચિત કરવા માટે થશે. આરબીઆઈને અપેક્ષા છે કે, વોટ્સએપ ચેનલ આજના જમાનામાં વધી રહેલા સાયબર ક્રાઈમ, નાણાકીય છેતરપિંડીથી લોકોને બચાવનારૂ અસરકારક સાધન બનશે.

આ રીતે વોટ્સએપ ચેનલમાં જોડાઓ

૧. આરબીઆઈની




સત્તાવાર વેબસાઈટ તથા સોશિયલ મીડિયા હેન્ડલ પર રજૂ કરવામાં આવેલું ક્યુઆર કોડ સ્કેન કરો.

૨. ક્યુઆર કોડ તમને આરબીઆઈની વોટ્સએપ ચેનલ પર લઈ જશે.

૩. ચેનલમાં જોડાવા માટે જોઈન પર ક્લિક કરો.

૪. જોડાયા બાદ, આરબીઆઈના વેરિફાઈડ વોટ્સએપ એકાઉન્ટ પરથી તમને રોજિંદા અપડેટ મળવાનું શરૂ થશે.

આરબીઆઈનું સત્તાવાર વોટ્સએપ એકાઉન્ટ બિઝનેસ નંબર ૯૯૯૯ ૦૪૧ ૯૩૫ મારફત હેન્ડલ થાય છે.

યુઝર્સને સલાહ છે કે, તે એકાઉન્ટના નામની આગળ વેરિફાઈડ ચિહ્ન અવશ્ય ચેક કરે, જેથી તેઓ સાચી ચેનલને ફોલો કરી રહ્યા છે કે નહીં, તેની ખાતરી થાય.

# હવે તો ખમૈયા કરો !! જૂનાગઢમાં રસ્તા ખોદવાનું કયારે બંધ થશે?

## શહેરમાં ભુગર્ભ ગટરની લાઈન તો કયારેક પાણીનીલાઈન, ગેસની લાઈન તેમજ અન્ય કંપનીઓનાં કામો અંતર્ગત રસ્તાની તોડફોડ સતત ચાલુ જ રહે છે : પ્રજાના બુરા હાલ



જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ શહેરમાં અનેક વિસ્તારોમાં છેલ્લા ઘણાં સમયથી તોડફોડના કામો થઈ રહયા છે. સારા ગણાતા રસ્તા, અથવા તો નવા બની ગયેલા રસ્તા જે લોકોને રાહત પહોંચાડનારા સાબીત થઈ રહયા હતા તેવા માર્ગોને પણ મનપા તંત્ર દ્વારા જુદી જુદી કામગીરી સબબ તોડી નાખેલ છે અને આવી કહેવાતી કામગીરી પુર્ણ કરાયા બાદ રસ્તાઓને જેમના તેમ રાખી દેવાતા હોવાની થોકબંધ ફરીયાદ કાયમી ધોરણે ઘર કરી ગઈ છે.

જે તે એજન્સીઓ કયાં તો તેમને સોંપેલા કામ અધુરા મુકીને જતી રહે છે અથવા તો રસ્તાના ખોદકામ જેના માટે કરવામાં આવેલ હોય તેવી યોજના જેમાં ભુગર્ભ ગટર, પાણીની લાઈન વગેરેના પાઈપો બિછાવી દેવાયા બાદ રસ્તાની મરામત, પેચવર્ક યોગ્ય રીતે કરવામાં આવતું ન હોવાનાં કારણે શહેરીજનો જે તે સોસાયટી વિસ્તારમાં લોકો દુઃખી દુઃખી થઈ જતાં હોય છે અને ઘણા વિસ્તારો, માર્ગો એવા છે કે જયાં લાંબા સમય થયા આવા કામો ચાલતા રહે છે. સરવાળે લોકો બેહાલ થાય છે.

ગત ચોમાસા દરમ્યાન ટ્રાફીકની સતત અવર-જવર વાળા મોતીબાગ, સકકરબાગ, બસ સ્ટેશનવાળા રસ્તાની હાલત અત્યંત ખરાબ બની ગઈ હતી. લોકોની અવર-જવર માટે ભારે મુશ્કેલી પડી રહી હતી. દરમ્યાન જૂનાગઢનાં કમિશ્નર ડો.ઓમપ્રકાશની સુચના હેઠળ ઉપરોકત રસ્તાનું પેચવર્ક, થીગડા મારવાનું અને સમારકામ કરવામાં આવ્યું અને મોતીબાગ, સરદારબાગ, બસ સ્ટેશનને સાંકળતો આ માર્ગ થોડો સારો કહી શકાય તેવો બન્યો. લોકોને રાહત પહોંચી હતી. કમિશ્નર દ્વારા ઉપરોકત માર્ગ ઉપર સુશોભન, કલર કામ, દિવાલો ઉપર તેમજ વૃક્ષારોપણ જેવી કામગીરી પણ કરવામાં આવી હતી. આ માર્ગ ખરેખર સારો બની ગયો હતો. સરદારબાગથી મોતીબાગ રોડને ગૌરવ અપાવ્યું હતું. દરમ્યાન મનપાની ચુંટણી યોજાયા બાદ શાસન ધુરા ભાજપનાં હાથ આવી છે અને મનપામાં ભાજપના શાસકોએ કાર્યભાર સંભાળી લીધો છે. જૂનાગઢ મનપાના વાર્ષિક બજેટમાં અનેક યોજનાઓ અને વિકાસ માટેની નાણાંની ફાળવણી કરી છે અને શહેરનાં સર્વાંગી વિકાસ માટેનો નકશો દર્શાવેલ છે. શહેરીજનોને પણ સાંત્વના સાંપડી છે કે સારૂ લ્યો હવે જૂનાગઢ શહેરને રળીયામણું અને વિકાસની યાત્રાએ આ શહેરનું ભલુ થયાનાં દિવસો હવે દુર નથી. આ આશ્વાસન પણ હાલ વામળુ સાબિત થઈ રહયું હોવાનું મનાઈ છે. શહેરમાં ફરીથી ખોદકામ શરૂ થઈ ગયું છે. ખાસ કરીને સરદારબાગથી મોતીબાગ માર્ગ ઉપર તાલુકા સેવા સદન પાસે જયાં ગાર્ડન બનાવેલ છેએ માર્ગ ઉપર ફરી ખોદકામ ચાલી રહયું છે. તાજેતરમાં જ કોઈ કામગીરી અંતર્ગત આ રસ્તાનો ભાગ તોડવામાં આવી રહયો છે. ભુગર્ભ ગટરની કામગીરી અંતર્ગત રસ્તો તોડાઈ રહયો હોવાનું ચર્ચાઈ છે. ભાજપનાં મનપાના શાસકોનો સમયકાળ શરૂ થયો છે અને ત્યાં જ ફરી રસ્તાઓ ખોદકામ શરૂ થતાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે. આ કામગીરી કયારે પુરી થશે? કામગીરી પુર્ણ થયા બાદ રસ્તાનું રીપેરીંગ કામ સરખું કરવામાં આવશે કે કેમ? તેવા સવાલો વચ્ચે આજે આ માર્ગ ઉપરથી પસાર થતાં લોકો ડાઈવર્ઝનમાંથી પસાર થઈ રહયા છે. શહેરમાં વિકાસ કાર્યો ભુગર્ભ ગટરની પાઈપલાઈન, પાણીની પાઈપલાઈન કે અન્ય કોઈ કામગીરી થતી હોય તો લોકોને તે સામે કોઈ વાંધો ન હોય શકે પરંતુ જુદી જુદી કામગીરી અને વિકાસ કાર્યોનાં ઓઠા હેઠળ જે કામો થઈ રહયા છે તે કામો સમયસર પુરા ન થાય અને ખોદકામ બાદ રસ્તો પણ બરાબર રીપેર ન થાય તો લોકોને ફરી પાછા એજ ઠેબા ખાવાનો વારો આવશે. એટલે આ બાબતે મનપા તંત્ર યોગ્ય કાર્યવાહી કરે તેવી લાગણી લોકોમાં પ્રવર્તી રહી છે.

ઉપરાંત શહેરમાં કયા વિસ્તારમાં વિકાસના કામો કરવામાં આવનાર છે કયારે રસ્તા બનશે, કયારથી કામગીરી શરૂ થશે કેટલાના ખર્ચે અને કયારે કામગીરી પુર્ણ થશે તે બાબતની સુચના આપતા નોટીસ બોર્ડ તંત્ર દ્વારા લગાડવામાં આવે તેવી પણ માંગણી ઉઠવા પામી છે.

# જૂનાગઢનાં માંગનાથ રોડ, પંચહાટડી ચોક વિસ્તારમાં વારંવાર વીજ ધાંધિયાથી વેપારી - જનતા પરેશાન



જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ શહેરનાં હાર્દસમા વિસ્તાર એવા માંગનાથ રોડ અને પંચહાટડી ચોકમાં વારંવાર વીજ ધાંધિયા સર્જાવાનાં કારણે વેપારીઓ અને જનતા પરેશાન છે. અવારનવાર આ બાબતે રજુઆત કરવામાં આવે છે પરંતુ કોઈ સરખો જવાબ દેવામાં આવતો નથી અને છાશવારે વીજ ધાંધિયા સર્જાયા રાખે છે.

જૂનાગઢ શહેરમાં જયાં વિવિધ બજારો આવેલી છે તેવા માંગનાથ રોડ અને પંચહાટડી ચોક એટલે કે જૂનાગઢ શહેર તેમજ આસપાસનાં વિસ્તારોનું મુખ્ય હટાણાનું મથક ગણાય છે. અહીં ચપ્પલથી માંડીને કરીયાણું, વસ્ત્રો તેમજ જુદી જુદી ચીજવસ્તુઓની શોપ આવેલી છે.

સવારથી લઈ સાંજ સુધી ગ્રાહકો દ્વારા ચીજવસ્તુઓની ખરીદી થતી હોય છે અને સતત ધમધમતો આ વિસ્તાર છે. હાલ ઉનાળાના દિવસો ચાલી રહયા છે ત્યારે બપોરનાં સમયે આકાશમાંથી અગન વર્ષા થતી હોય તેવો માહોલ રહેલો છે ત્યારે ગરમીની સામે રાહત મેળવવા માટે ઈલેકટ્રોનિક ઉપકરણોનો સતત ઉપયોગ કરવામાં આવે છે. દરમ્યાન માંગનાથ રોડ અને પંચહાટડી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસો થયા ચાર-પાંચ દિવસે વીજ પુરવઠો ખોરવાય છે અને વીજ ધાંધીયા સર્જાય છે. આ બાબતે આ વિસ્તારનાં લોકો તેમજ વેપારીઓએ પીજીવીસીએલ કચેરીને વીજ પુરવઠો ખોરવાતો હોવાની ફરીયાદ કરે છે ત્યારે એવો જવાબ આપવામાં આવે છે કે ખોદકામ થતું હોવાને કારણે ઈલેકટ્રીકની લાઈન કટ થતી હોય જેને કારણે વીજ પુરવઠો ખોરવાય છે. આવા જવાબો વચ્ચે સતત વીજ ધાંધીયા રહે છે ત્યારે આ બાબતે પીજીવીસીએલ તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવાની માંગણી ઉઠી છે.

# જૂનાગઢમાં આડેધડ ખોદકામનાં કારણે જનતા ચોકમાં મોડી સાંજ સુધી વીજ પુરવઠો ખોરવાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ શહેરમાં આડેધડ ખોદકામના કારણે લોકોને અનેક મુશ્કેલીઓ પડી રહી છે ત્યારે ગઈકાલે જનતા ચોક વિસ્તારમાં પણ ખોદકામના કારણે ૧૧ કેવીની લાઈન તુટી જતા વીજ પાવર ખોરવાયો હતો અને જેને લઈને લોકોને ભારે પરેશાની વેઠવી પડી હતી. જૂનાગઢ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા ગટર માટેનું ખોદકામ ચાલું હતું ત્યારે યોગ્ય સુપરવીઝન વીના જેસીબી ચાલતું હોય, ૧૧ કે.વી.ની લાઈન તોડી પાડવામાં આવી હતી.



જનતા ચોક વીસ્તારમાં આડેધડ ખોદકામને કારણે અને યોગ્ય સુપરવીઝન વીના થયેલ ખોદકામને કારણે કોમર્શીયલ વીસ્તાર તરીકે ઓખળાતા જનતા ચોકમાં વીજ પુરવઠો આશરે ૩ વાગ્યાથી બંધ થયેલ છે અને કોઈ જવાબદાર લોકોએ જવાબદારી ન લેતા પી.જી.વી.સી.એલ.ને અવારનવાર જાણ કર્યા પછી પી.જી.વી.સી.એલ.ની ટીમ આવી હતી. વધુમાં બેંકો, કોમર્શીયલ દુકાનો, એ.ટી.એમ. વિગેરે જે પી.જી.વી.સી.એલ.ના વીજ કનેકશન આધારીત હોય છે અને આ બધા વ્યવહારો ખોરવાઈ જતા આજુ-બાજુના કોમર્શીયલ વીસ્તારોના તથા ગ્રાહકોને ખુબ જ તકલીફ ભોગવવાનો વારો આવ્યો છે. તે સંજોગોમાં આ જે બનાવ બનેલ છે તે માટે જવાબદાર વ્યકિતઓ સામે પગલા લેવા અને ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે કોન્ટ્રાકટર, અધીકારી તથા



સુપરવાઈઝરોની જવાબદારી નકકી કરવા અને આ બાબતે યોગ્ય કરવા માંગણી કરાઈ છે.

# જૂનાગઢમાં દેશી દારૂની ભઠ્ઠી ઉપર પોલીસનાં દરોડા : રૂા.૫,૬૫,૬૨૦નો મુદામાલ જપ્ત



જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ રેન્જનાં પોલીસ માહનિરીક્ષક નિલેશ ઝાંઝડીયા તેમજ ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ જૂનાગઢનાં નાયબ પોલીસ અધિક્ષક હિતેશ ધાધલીયાનાં નેતૃત્વમાં અહે ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ આર. કે. પરમાર તેમજ વિવિધ પોલીસ સ્ટાફ અને એલસીબી, એસઓજી તેમજ સી ડીવીઝન, ભવનાથ પોલીસ સહિતની અલગ અલગ ૧૦ જેટલી ટીમો બનાવી જૂનાગઢનાં પંચેશ્વર વિસ્તારનાં અલગ અલગ સ્થળો પર દેશી દારૂ અંગે દરોડો પાડતા દેશી દારસની ભઠ્ઠીને ઝડપી લેવામાં આવી હતી. દારૂ લીટર ૮૪૦, દારૂ બનાવવાનો આથો ૧૪૭૯૦ તેમજ દારૂ બનાવવાની ભઠ્ઠીનાં સાધનો મળી કુલ રૂા. ૫૬૫૬૨૦નો મુદામાલ જપ્ત કરી ૧૬ કેસ નોંધવામાં આવેલ છે. દેશી દારૂની ભઠ્ઠીઓ ઉપર દરોડા પાડવાની આ કાર્યવાહીને કારણે દારૂનો ધંધો કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

# કેશોદમાં વ્યાજથી વધુ રકમ આપી દીધા છતાં પણ રૂા.૧૨.૫૦ લાખની ઉઘરાણી કરી ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

કેશોદમાં રૂા.૨.૫૦ લાખના રૂા.૫ લાખ ચુકવ્યા છતા પઠાણી ઉઘરાણી કરી પુત્રની જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે જગદીશભાઈ નરસીભાઈ વણપરીયાએ જેઠાભાઈ જીવાભાઈ ઓડેદરા રહે.આલાપ સોસાયટી કેશોદવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે ફરીયાદીએ અલગ અલગ વખતે રૂા.૨,૫૦,૦૦૦ આરોપી પાસેથી વ્યાજે લીધેલ જેના બદલામાં આરોપીએ અલગ અલગ બેન્કોના કુલ ૧૦ ચેકો સહિત કરેલ કોરા તેમજ રૂા.૧૦૦નો સ્ટેમ્પ કોરો સહિત કરેલ ફરીયાદી પાસે લીધેલ તેમજ ફરીયાદીએ અલગ અલગ વખત રૂા.૫૦,૦૦,૦૦૦ આરોપીને ચુકવણી કરેલ તેમ છતાં આરોપીએ ફરીયાદી પાસેથી રૂા.૧૨,૫૦,૦૦૦ની પઠાણી ઉઘરાણી કરી ફરીયાદીના દિકરાને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢનાં કેરાળા નજીક ટ્રેકટર પલ્ટી જતા બે યુવાનના કરૂણ મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ નજીકના કેરાળા ગામ પાસે મોડી રાત્રે ૧૦ મજુર સાથેનું ટ્રેક્ટર પલ્ટી ખાઈ જતા ૨ યુવાન શ્રમિક નું મૃત્યુ નીપજ્યું હતું અને ૩ મજૂરોને ઈજા થતા જુનાગઢ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે કાદરભાઈ જમાલભાઈ બમાણીએ ટ્રેકટર નં.એમપી ૪૫ એએ ૭૦૪૭ નંબરના ટ્રેકટરની ટ્રોલીના ચાલક વિપુલભાઈ વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના વાંકિયા ગામના ૩૦ વર્ષીય ભાવેશભાઈ કાળુભાઈ પરમાર, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામના ૨૫ વર્ષીય અસ્પાકભાઈ કાદરભાઈ બમાણી સહિતના ૧૦ મજૂરોને ઓવર ટાઈમ કામ માટે બેસાડી ચાલક વિપુલભાઈ ટ્રેક્ટર હંકારી મોડી રાત્રે જઈ રહ્યા હતા. તે વખતે જૂનાગઢ તાલુકાના કેરાળા અને વડાલ ગામ વચ્ચે પૂરઝડપે હંકારતા પવન ચક્કીના લોખંડના સામાન સાથેનું ટ્રેક્ટર પલટી ખાઈ ગયુંહતું. અકસ્માતથી ઈજા પામેલા ૫ શ્રમિકોને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ફરજ પરના તબીબે ગંભીર ઈજા પામેલા ભાવેશભાઈ પરમાર અને અસ્પાકભાઈ બમાણીને મૃત જાહેર કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢની યુવતીને રાજકોટના સાસરીયામાં ત્રાસ પતિ, સાસુ-સસરા, નણંદ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢની યુવતિને રાજકોટના સાસરીયાઓએ મેણાટોણા મારી, પતિએ દારૂ પી ગાળાગાળા કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી શારિરીક માનસીક ત્રાસ આપ્યાની ફરીયાદ મહિલા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મહિલા પોલીસ સ્ટેશન મથકે સોનલબેન કૃણાલભાઈ દાફડાએ રાજકોટમાં રહેતા પતિ કૃણાલભાઈ રાજેશભાઈ દાફડા, સસરા રાજેશભાઈ, સાસુ સવીતાબેન, નણંદો ચૈતાલીબેન અને મીતાલીબેન વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ અવાર નવાર ઘરકામ બાબતે મેણાટોણા મારી તથા તેના પતિએ અવાર નવાર દારૂ પી ગાળાગાળી કરી મારકુટ કરી શારીરીક માનસીક દુઃખત્રાસ આપી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક • ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**ડુપ્લેક્ષ ભાડે**
જૂનાગઢમાં ખલીલપુર રોડ પર ડુપ્લેક્ષ ભાડે આપવાનું છે
: સંપર્ક :
૯૨૭૭૯ ૫૬૬૪૬

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૨ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
ચૈત્રી માસ નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
**વિજય ઘી ડીપો**
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ**
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહીં, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
**શ્રી ચંદ્ર ડેરી ફાર્મ**
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે"
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**બેકરી શો-રૂમમાં કામ કરી શકે તેવા**
અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ